
॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 2 • Issue : 5 • 5th March, 2020 • Price : Rs. 10



શ્રી નિમંત્રણ

||હરિ:ૐ||

પૂજ્ય શ્રીમોટાનો ૮૨ મો
સાક્ષાત્કાર દિન

# રામનવમી ઉત્સવ

**આત્મીય સ્વજનશ્રી,**

ચૈત્ર સુદ નોમ-રામનવમી, એ પૂજ્ય શ્રીમોટાનો ૮૨મો સાક્ષાત્કારદિન હોઈ પૂજ્ય શ્રીમોટા તથા તેમની વિચારધારા અને પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં સહુ સ્વજન ભાઈબહેનોના મિલન સમારોહના યજમાન બનવાનો અમોને રૂડો અવસર મળ્યો છે. અનેરા એવા આ ‘ઉત્સવ’માં આપ સહુને પરિવારજનો - મિત્રમંડળ સહિત પધારવા અમારું હાર્દિક નિમંત્રણ છે.

**સ્નેહાધીન :** શ્રી રૂપેશભાઈ રમેશભાઈ પટેલ (USA) તથા પરિવાર

ગામ : પલાણા, તા. નડિયાદ, જિ. ખેડા તથા જાગૃતિ ઍજ્યુકેશન ટ્રસ્ટ અને
સમસ્ત ગ્રામજનો - ગામ : લવાછા, તા. ઓલપાડ, જિ. સુરત.

## મિલન સમારંભનું સ્થળ તથા રૂપરેખા :

શ્રી ઝેડ. એમ. પટેલ વિદ્યાલય, લવાછા, તા. ઓલપાડ, જિ. સુરત.

**સાંજે**

### શનિવાર, તા. : ૦૪-૦૪-૨૦૨૦

| | | |
|---|---|---|
| ૫:૦૦ થી ૬:૦૦ | : | હરિ:ૐ નામસ્મરણ અને ભજનો - લવાછા મંડળ. |
| ૬:૦૦ થી ૭:૦૦ | : | પૂજ્ય શ્રીમોટાના સાહિત્યનું અધ્યયન, ડો. મનસુખભાઈ પટેલ |
| ૭:૦૦ થી ૮:૦૦ | : | પ્રસાદ |

**સવારે**

### રવિવાર, તા. : ૦૫-૦૪-૨૦૨૦

| | | |
|---|---|---|
| ૭:૩૦ થી ૮:૦૦ | : | હરિ:ૐ નામસ્મરણ |
| ૮:૦૦ થી ૯:૦૦ | : | નિત્ય પ્રાર્થના - આરતી |
| ૯:૦૦ થી ૧૦:૧૫ | : | ભજનો (ભાવિક પટેલ ગ્રૃપ) |
| ૧૦:૧૫ થી ૧૦:૩૦ | : | ઍવૉર્ડ વિતરણ |
| ૧૦:૩૦ થી ૧૧ :૩૦ | : | વક્તાશ્રી જગદીશાનંદજી (રંગબાળ) |
| ૧૧:૩૦ થી ૧૨:૦૦ | : | યજમાન આભાર વિધિ, ગુરુવંદના |
| ૧૨:૦૦ થી ૨:૦૦ | : | પ્રસાદ |



**વિજ્ઞપ્તિ :** તા. : ૦૪-૦૪-૨૦૨૦, શનિવારે સાંજેબહારગામથી આવનાર અને ઉતારાના સ્થળે રહેવા ઇચ્છનાર સ્વજનોએ તેમની સંખ્યા તા. : ૩૦-૦૩-૨૦૨૦ સુધીમાં **SMS / WhatsApp / Mobile** થી નીચેના કોઈપણ નંબર ઉપર જાણ કરવા વિનંતી.

ઉતારાનું સ્થળ
**શ્રીમહાવીર સંસ્કાર ધામ**
હરિ:ૐ આશ્રમની સામે, કુરુક્ષેત્ર,
જહાંગીરપુરા, સુરત. ૩૯૫૦૦૫

| | | |
|---|---|---|
| શ્રી શૈલેષભાઈ પટેલ | - લવાછા | : ૯૮૨૫૩ ૮૦૧૬૩ |
| શ્રી પંકજભાઈ પટેલ | - લવાછા | : ૯૪૨૮૧ ૪૨૫૦૯ |
| શ્રી રમેશભાઈ પટેલ | - પલાણા | : ૭૮૦૧૮ ૭૯૬૦૦ |
| ડૉ. શ્રી હરેશભાઈ પટેલ | - વિદ્યાનગર | : ૯૬૬૨૨ ૧૦૯૯૯ |

**ઇમર્જન્સી કૉન્ટેક્ટ :** શ્રી પ્રવીણભાઈ પટેલ (સુરત) મો. ૬૩૫૪૨ ૩૫૭૩૪

**નિમંત્રક :** શ્રી રૂપેશભાઈ રમેશભાઈ પટેલ (USA) તથા પરિવારજનો

**ઉત્સવનું સ્થળ લવાછા ગામે પહોંચવા માટે અડાજણ ડેપોથી બસ સુવિધા મળશે.**

હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત

# હરિઃૐ ગુંજન

**'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)**

વર્ષ-૨, અંક-૫ માર્ચ-એપ્રિલ, ૨૦૨૦

• વેબસાઈટ-ઈ-મેઈલ •

www.hariomashram.org

hariommota10@gmail.com

ટ્રસ્ટીમંડળ

શ્રી ગૌતમભાઈ વાડીભાઈ પટેલ

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન

શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ

શ્રી જોગેશભાઈ ડી. પટેલ

શ્રી પ્રણવભાઈ એસ. પટેલ

**લવાજમ દર**

**છૂટક નકલ : રૂ. ૧૦/-**

**વાર્ષિક : રૂ. ૬૦/-**

**પાંચ વર્ષ માટે : રૂ. ૨૫૦/-**

**દસ વર્ષ માટે : રૂ. ૪૦૦/-**

**હરિઃૐ ગુંજન અંગે**

૧. ભેટની રકમ હરિઃૐ આશ્રમના નામે મનીઑર્ડરથી કે ચેક / ડી.ડી. મારફતે આશ્રમના સરનામે મોકલવા વિનંતી.
(ઈન્કમટેક્ષ ઍક્ટની કલમ-૮૦-જી-(૫)ની નીચે ભેટની રકમ કરમુક્તિ પાત્ર છે.

૨. હરિઃૐ આશ્રમ,
પો.બો.નં. ૭૪, નડિયાદ,
પીન કોડ : ૩૮૭૦૦૧.
મો. ૭૮૭૮૦૪૬૨૮૮

• પ્રકાશન સ્થળ •

૮૯, પાયલ પાર્ક, સ્ટાર બજારની બાજુમાં, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

## 'હરિઃૐ'નો અર્થ

૨૧-૧-૫૭

આપણા મિત્ર શ્રી બાબુભાઈ જે. તમાકુવાલા મને જણાવે છે કે તમો હરિઃૐ મંત્રોચ્ચારનો વિચાર કરતા પહેલાં, તે પૂર્ણ સમજી લેવું તેમને ગમશે. તમારી જિજ્ઞાસાવૃત્તિ અને તેની પાછળ રહેલા હેતુ તેમજ સૂચન સમજ્યા વગર કંઈ પણ ન કરવું એ તમારી ઈચ્છા જાણીને હું ખરેખર ઘણો આનંદિત થયો છું. ખાતરીપૂર્વક જ આ વૃત્તિ છે કે જે ઈશ્વરના અન્વેષણમાં હોવી જોઈએ.

હરિઃૐની બાબતમાં કહેવાનું કે આ મંત્ર બહુ જ પ્રાચીનકાળથી પવિત્ર ઉપયોગ યુક્ત આચરણો વડે શુદ્ધ થયેલો છે. સૌથી પુરાણા મંત્રોમાંનો આ એક છે. કારણ કે વૈદિક સાહિત્યમાં પણ આનો ઉલ્લેખ થયો છે. તેમાં જ બધું સમાયેલું છે. તેનો અહીં વિસ્તાર કરવો અશક્ય છે. પણ એનો અર્થ ઈશ્વર થાય. શબ્દની દૃષ્ટિએ એનો અર્થ 'એક' થાય, ''તે'' જે હરણ કરે છે તે, કે જે આપણો ભૌતિક સ્વભાવ હરણ કરે છે. અને આપણી અશુદ્ધ ધાતુનું સુવર્ણમાં પરિવર્તન કરે છે. વળી એનો અર્થ ''તે'' ''એક'' પણ થાય છે કે જે આપણા હૃદયો પોતાની પ્રત્યે આકર્ષે છે. અને ખેંચે છે. આ એક શબ્દ (ૐ) છે. (જો હું બરાબર રીતે આ શબ્દ સમજ્યો હોઉં) કે જેમાંથી સૃષ્ટિનો આરંભ થાય છે. ગતિ છે અને જેમાં સમાઈ જાય છે. 'હરિઃૐ' એ પરિપૂર્ણ (શાંતિ) સંબંધી (પ્રવૃત્તિ) અને ફરીથી પરિપૂર્ણ (શાંતિ)નું પ્રતીક છે.

વળી બધું ઉચ્ચારણ ત્રણ સ્થાનેથી બોલાય છે. નાભિ, કંઠ અને ''બ્રહ્મરંધ્ર'' એટલે સહસ્ર પાંખડીઓવાળું કમળનું ફૂલ કે જે માથાના મધ્યભાગમાં છે. આ મંત્ર આ બધાં કેન્દ્રોને સ્પર્શે છે. અને આ બધાં સ્થાનેથી ઉચ્ચારાય છે. મને વિશ્વાસ છે કે આ તમારું સમાધાન કરશે.

*શ્રીમોટા* *'સમય સાથે સમાધાન' પ્ર.આ.,પૃ. ૩૦-૩૧*

# હરિઃૐ ગુંજન

**માર્ચ-એપ્રિલ, ૨૦૨૦**

**માનદ્‌તંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ**

**સંકલન : ડૉ. ચંપકભાઈ ર. મોદી નડિયાદ.**

- **૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**
- સરનામું બદલાયું હોય તો ગ્રાહક નંબર સાથે તાત્કાલિક હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ-૩૮૭૦૦૧ને લેખિત જાણ કરશો.


**સાધક-લેખકોને નિમંત્રણ**

પૂ. શ્રીમોટાના સાધકો-ભાવકોને તથા અન્ય લેખકો-કવિઓએ 'હરિઃૐ ગુંજન' દ્વિમાસિક સામયિક માટે તેમનું સાહિત્ય કાગળની એક બાજુ સુવાચ્ય હસ્તાક્ષરે હરિઃૐ આશ્રમ, નડિયાદને મોકલી આપવું. અનુકૂળતાએ મુદ્રિત કરવામાં આવશે.

**❁ લખાણ અંગે ❁**

- શ્રીમોટાનાં સાહિત્ય વિષયક
- શ્રીમોટાનાં જીવન વિષયક
- પોતાના મૌન-સાધનાના અનુભવો
- કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સ્વચ્છ અને સુવાચ્ય સાહિત્ય મોકલવું.
- નડિયાદ આશ્રમની પ્રવૃત્તિવિષયક માહિતી યોગ્ય સમયે સામયિકમાં સ્થાન આપવામાં આવશે.
- દ્વિમાસિક સામયિકમાં પ્રસિદ્ધ થતાં લેખ લેખકના પોતાના અંગત વિચારો છે.


**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ. સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨


## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ચૈતન્યસ્વરૂપની સર્વવ્યાપકતાનો અનુભવ | શ્રીમોટા | ૫ |
| ૨. | અભય : શ્રીમોટાની વિશિષ્ટતા | કાર્તિકેય અ. ભટ્ટ | ૮ |
| ૩. | હરિને ભજતાં હજુ કોઈની.... | શ્રી સોમાભાઈ ભાવસાર | ૯ |
| ૪. | છ દિવસના કડાકા થયા | શ્રી સોમાભાઈ ભાવસાર | ૧૧ |
| ૫. | લાઠીમારની ઝડીઓ વચ્ચે હરિઃૐની ઘોષણા | શ્રી સોમાભાઈ ભાવસાર | ૧૨ |
| ૬. | 'ગુજારે જે શિરે તારે' ગઝલ-ભજન | બાલાશંકર કંથારિયા | ૧૩ |
| ૭. | સ્મરણયજ્ઞ | શ્રીમોટા | ૧૪ |
| ૮. | નિશ્ચયનું બળ | શ્રીમોટા | ૧૭ |
| ૯. | ગીતા વિશે | શ્રીમોટા | ૧૯ |
| ૧૦. | અધ્યાત્મવિજ્ઞાનીનો અદ્‌ભુત પ્રયોગ | નંદુભાઈ શાહ | ૨૦ |
| ૧૧. | મોટાચરણે : આંતરપ્રવેશ | કાર્તિકેય અ. ભટ્ટ | ૨૨ |


## સાચી ઈશ્વરભક્તિ

(અનુષ્ટુપ)

**દેવ મંદિરે બેઠેલો, ખરો તે દેવ ના ગણો,**
**જગાડવા ખરો દેવ, એ છે સાધન માત્ર તો.**

**કામાદિ રાગ ને દ્વેષ, થતાં ઓછાં અનુભવો;**
**પ્રભુમાં રે તું હો ચિત્ત વધુ, તો યોગ્ય જાણજે.**

**પૂજા, અર્ચન સેવા સૌ, પ્રભુ મેળવવા હ્રદે !**
**તેથી તેવું થતું ના હો, ભૂલા ક્યાંક પડેલ તો.**

**પ્રભુની ભક્તિ જો સાચે ભાવે તે કરતાં હશું,**
**પ્રત્યક્ષ પરિણામો સૌ જીવને ભાળતાં જશું.**

*'જીવનપગલે', પૃ. ૧૧*

કાનપુરથી તા. ૧૩-૩-૧૯૩૯ને રોજ કાશી આવ્યો હતો તે પાછું, કાનપુર જતાં પ્રયાગના સ્ટેશને પૂજ્ય ગાંધીજીને પગે લાગ્યો, ત્યારથી એ દર્દ શરૂ થયું છે. તા. ૨૯-૩-૧૯૩૯મીએ તે દર્દ એની તીવ્રતમ માત્રાએ હતું. જીરવી પણ શકાતું ન હતું. મન જોકે તેથી અસ્વસ્થ થયું ન હતું, ઉદાસી આવી ગઈ ન હતી, પરંતુ દર્દ એટલું સખત હતું કે બધાં સાથે આનંદપૂર્વક જે વિનોદ કરું છું અને હોહા કરું છું તે બધું ન હતું. તેમ છતાં પાછાં પ્રત્યક્ષ આવી મળેલાં કર્મ તો પ્રભુકૃપાથી પૂરેપૂરાં થઈ શકતાં હતાં, અહીં અમારે રહેવાને માટે બંગલાની તપાસ કરવાની હતી, તેથી બંગલો મેળવવાને માટે સગવડ કરવાની હતી, ઘણાંને મળવાનું હતું, તેમાં બીજું બધું પણ ગોઠવવાનું હતું. તે બધાં કામમાં જવા આવવામાં કશી અડચણ નથી આવી, એ બધું કરતો હોઉં તે જાણે સપાટી પરની ચેતનાથી થતું હોય એમ લાગતું હતું. તેમ બીજા કશામાં તો દિલ ન હતું. રાત્રે શું થવાનું છે એના વિચાર પણ આવતા ન હતા, જોકે રાત્રે દર્દ ઘણું વધે છે એવા અનુભવો તો ઘણા થયા. આ દર્દ દિવસે પણ રાડ પોકરાવે એવું હતું, અને ઊલટો જીવ તો ઊંડો ઊંડો ઊતરતો જતો લાગતો, એટલે બહારની ચેતના કામ પૂરતી, ઘણી ઓછી થઈ ગયેલી, અને અંદરની ચેતનાની જાગૃતિ એકદમ તીવ્રતમ થઈ ગઈ હતી. કરાંચીમાં મળેલા સાંઈબાબાની સૂચના અનુસાર તા. ૨૯-૩-૧૯૩૯મીએ કશુંક થવાનું છે એની ખબર...બહેનને તો હતી. તેથી તે જરાક ઊંચા જીવે ફરતી હતી, પરંતુ હું તો રાત્રે નિરાંતે સૂતો.

રાતના એક વાગ્યામાં દસેક મિનિટ પહેલાં અમારા બંગલાની આગળથી હરિઃૐની બે બૂમ એકાએક સંભળાઈ. મને જ સંબોધીને તે બૂમ પાડવામાં આવી હતી તે તરત સમજાયું. એટલે મેં પણ સામી તેવી હરિઃૐની બૂમ મારી. બૂમ મારનાર ભાઈ સામેથી આવ્યા. તે સંપૂર્ણ નગ્ન હતા. માથે ઘણા બધા ગૂંચળાવાળા વાળ. નીચે ઊતર્યો અને જાણ્યું કે તેઓ મને એવી મધરાતે ક્યાંક લઈ જવા માગતા હતા. ...બહેનને ચિઠ્ઠી લખીને ઉપર મૂકી આવ્યો કે જેથી મારી ચિંતા ન થાય. મારી ગેરહાજરીમાં તે જાગી ગયેલી અને મને ન જોવાથી સહેજ ફિકરચિંતા પણ થયેલી, પરંતુ આવું બધું કરાંચીમાં ઘણું બન્યા કરતું તેથી તેને વિશ્વાસ બેઠેલો કે પછીથી બધાં ઠીક વાનાં થઈ જશે. વળી તા. ૨૯-૩-૧૯૩૯ને રોજ કશુંક થવાનું છે તેની ખબર પણ હતી, એટલે નિશ્ચિત થઈ ગઈ હતી.

પેલા ભાઈએ મને જણાવ્યું કે મારે મણિકર્ણિકાના ઘાટની પેલી બાજુ ગંગાજીની સામી પાર જ્યાં તેમના ગુરુમહારાજ રહેતા હતા ત્યાં જવાનું હતું. તેમણે તેમને મોકલ્યા હતા અને એ ગુરુ પાસે મારે રહેવાનું હતું. મે કહ્યું, 'હું તો રાત્રે ત્યાં આવું અને સવારે અહીં પાછો આવું, એટલી વાત કબૂલ હોય તો આવું.' મારી ફરજ અત્યારે અહીં આ બહેનોની સાથે રહેવાની છે, એટલે એ મૂકીને બીજું કંઈ કરવા જવું તે પરધર્મ છે. પછી ભલેને એથી મને ગમે તેટલો લાભ પ્રાપ્ત થતો હોય ! 'परधर्मो भयावहः' એટલે તમે જો મને રાત્રે ત્યાં આવવાનું કહો તો ત્યાં આવું. તે બાબતમાં તો તેમણે ના પાડી. વળી સાંઈબાબાએ કરાંચીમાં બતાવેલું ધ્યાન કરવાની તો એમણે ચોખ્ખી ના પાડી. 'કરશે તો ભયંકર આફત પડશે. વળી તે ધ્યાન શરૂ કરે, ત્યારે તારી અત્યંત કાળજીભરી સંભાળ લેવાય એવી વ્યવસ્થા હોવી જોઈએ. તારી કોઈ આ બાબતમાં પ્રેમભક્તિવાળી મા કે બહેન હોય તો તેવાની કોમળ

સારવાર નીચે તારે રહેવું અથવા અમારા ગુરુજી પાસે ચાલ. ત્યાં તારી સંભાળ અમે રાખીશું'. મેં કહ્યું કે 'હાલમાં આ બહેનોની સંભાળ મારે લેવાની છે. એટલે એક-બે માસ પછીથી આવું'. તો તેણે સાફ ના પાડી. કરાંચીના સાંઈબાબાએ અત્યંત ગુપ્તપણે આપેલી વિદ્યા વિશે અને તેનો પ્રયોગ કરવાનો છું તે વિશે આ ભાઈ અહીં કાશીમાં કેવી રીતે જાણી ગયા અથવા 'શું ખરેખર મને ભયંકર આફત પડશે ?' એવા બધા વિચારો મને થયા નહિ, અને આ પ્રયોગની બાબતમાં જેમ થતું હોય તેમ થવા દેવું એમ ધારી પાછો મેડા પર આવતો રહ્યો, અને કરાંચીમાં મળેલા સાંઈબાબાએ બતાવેલો પ્રયોગ કરવા બેઠો.

હજી શરૂઆત થઈ ત્યાં જ સમગ્ર ચેતન એકાગ્ર થતું અનુભવાયું. શરીર, મન, બીજા બધાં કરણો ભિન્ન છે એવું સ્પષ્ટપણે અનુભવાતું ગયું. થોડીક વાર થઈ ત્યાં તો માથાના વચલા ભાગમાં સખત ગરમીના ઝરા વહેતા હોય એમ ભાન જાગ્યું, અને આખા શરીરમાં એની અસહ્ય બળતરા થઈ. ભાન ઊડી ગયું. લગભગ બેભાન થઈ ગયેલો. પડી જવાયુ પણ હતું. જીભ લગભગ બળી ગયા જેવી થઈ ગઈ હતી. હજી પણ સુક્કી સુક્કી લાગ્યા કરે છે, લાય બળ્યા કરે છે અને છાતી બળ્યા કરતી હતી. પેટથી છેક નીચેના ભાગ પર તો તે ભાગ પૂરેપૂરો બળી ગયેલો હોય તેવું જણાયું. તેમાંનો થોડો ભાગ તો જરા પછીથી પાક્યો પણ છે. આખું શરીર લાય જેવું ગરમ બની ગયું હતું. ...બહેનને તો કશી ખબર ન હતી. પ્રભુકૃપાથી તેને ઓચિંતું શૌચ જવાનું થયું અને તે ઊઠી અને મને બેભાન પડેલો જોઈ કંઈક સારવાર કરી. અમારી જોડે કરાંચીના એક સંગીતશિક્ષક પણ છે. પણ તે બિચારા આ બાબતમાં કંઈ જ સમજી શકે પણ નહિ. ...બહેને તો ઘણી કાળજીથી સંભાળ લીધી. થોડી વારે કંઈક કળ વળી. આની અસર બે દિવસ રહી.

આ બધાનો કશો અર્થ સમજાયો નહિ, કંઈ કશાના આડાઅવળા વિચાર પણ મનમાં ઉદ્ભવતા નથી. એક જ પ્રકારની ભાવનામાં અખંડિતતા પ્રગટેલી છે. ગંગાજીના પ્રવાહના જેવો એ ભાવ સતત એકધારો ટકી શકે છે. મારું વહાણ તો ક્યાં લંગારાશે તે જાણતો નથી. તેવા પ્રકારના કોઈ વિચાર પણ થતા નથી. માત્ર એક જ લક્ષ અને એક જ લક્ષ્ય એની કૃપાથી રહ્યાં કરે છે. બાકી તો સમુદ્રની લહેરોની જેમ ભાવના અને આનંદ આનંદના ભાવ સાથે રોમેરોમમાં જે એક અકથ્ય ભાવ પ્રગટ્યા કરે છે, તે શબ્દમાં કેમ લખી શકાય ? એટલે ધામે તો પહોંચ્યા વિના રહેવાવાનું નથી એવો દૃઢ જીવંત વિશ્વાસ પ્રગટેલો છે. આપણે તો આનંદમાર્ગના પ્રવાસી છીએ. 'આટલું જ અને હવે આગળ નહિ' એવું આ માર્ગમાં કશું નથી. આ માર્ગ તો અનંત છે. એટલે પ્રભુકૃપાથી આપણે તો ચાલ્યા જ કરવાનું છે. પ્રભુકૃપાથી એકમાત્ર આનંદની ભૂમિકા પર જે તે બધું અહીં તો આ આધારમાં થયા કરે છે.

•

૧૯૩૯ના માર્ચની ૨૯મીએ રામનવમીની રાત્રે કાશીમાં અદ્વૈતના સાક્ષાત્કારનો અનુભવ થયેલો. જાણે અનેક કોટિ સૂર્યનો પ્રકાશ આજુબાજુ પથરાઈ જઈને શરીરમાં પણ પ્રવેશ્યો. ત્યારે મહાસમાધિમાં ઊતરી જવાનું બનેલું. સમાધિમાંથી જાગતાં જોયું તો શરીરનો ગુહ્ય ભાગ અને તેની આજુબાજુનો ભાગ પણ બળી ગયેલો, જેની દવા બનારસ યુનિવર્સિટીના આયુર્વેદિક કૉલેજના ડીન શ્રી પાઠક સાહેબની કરાવેલી.

તે અનુભવની વેળાથી, ત્યારથી જ મુક્ત દશાની શરૂઆત થઈ ચૂકી. 'I am Omnipresent' 'હું સર્વત્ર વિદ્યમાન છું,' એવી ચેતનાત્મક ભાવનાનો સર્વ પ્રકારે વિકાસ પ્રવર્તમાન હતો અને છે.

તે કાળે જે અનુભવ થયો તે પણ એક સગુણનો અનુભવ હતો. પરંતુ તેમાંથી તાત્કાલિક હનુમાન કૂદકો મારીને અથવા તો હનુમાન કૂદકાથી તેમાંથી નિર્ગુણના અનુભવમાં પ્રવેશવાનું બન્યું. તે અનુભવનું પોતાના આધારમાં સંપૂર્ણ પ્રતિષ્ઠિત થઈ જવાપણું બનીને તેમાં સંપૂર્ણ કેન્દ્રિતતા જીવંતપણે પ્રગટીને તે પછી તેના ભાવનો વિસ્તાર થયા કરતો અનુભવમાં પ્રગટ્યા કર્યો. તેમાં તે ભાવરૂપે હતો તેમ પણ ન કહી શકાય. જેમાં તેમાં તે એકરૂપ પ્રવર્તતો અનુભવાય અને તેમ છતાં પાછો પોતે તે તે બધામાં હોવા છતાં નોખો પણ હોય અને એકરૂપ પણ હોય એવું સતત અનુભવાયા જતું. તાદાત્મ્યનો ચેતનનો ગુણધર્મ તે પછીથી જીવનમાં પ્રગટવા માંડ્યો એમ જરૂર કહી શકાય. માતાને બાળક પરત્વે જે તાદાત્મ્યવૃત્તિ હોય છે તે તો પ્રકૃતિવશાત્ હોય છે અને તે પણ તેમાં સળંગ એકધારું તાદાત્મ્ય હોતું નથી. બાબર અને હુમાયુનો દાખલો એ પણ એક જીવ પ્રકારની તેના પરત્વેની ઉત્કટમાં ઉત્કટ લાગણીનો પ્રાદુર્ભાવ ગણી શકાય અને તેવું તો એકાદ વાર બની જાય. જ્યારે ચેતનના ગુણધર્મમાં તે તે બધું પ્રકૃતિવશાત્ બનતું હોતું નથી. અને તેવી ચેતનાત્મક તાદાત્મ્યતા સળંગ એકધારી પ્રગટેલી રહે છે. અને તેવી સળંગ એકધારી તાદાત્મ્યતા હંમેશને માટે તે ને તે સ્થિતિમાં જીવંત પ્રગટ્યા જ કરે એવું પણ હોતું નથી. ચેતનના તેવા અનુભવ પછીથી કોઈકનામાં તે અમુક કાળ સુધી પ્રવર્ત્યા કરે અને કોઈકને તે પછી તેવું ન પણ બને. કોઈકને તો વળી તેના આધારના રોમેરોમમાંથી પસાર થઈને અદશ્ય પણ થઈ જાય. જેનું શરીર ચેતનના આધારને માટે તેના ભાવની યથાયોગ્યતાના પ્રમાણમાં સંપૂર્ણપણે યોગ્યતાવાળું વિકસેલું ન હોય તો તેવાને કદાચ વધુ સમય તેવું બને ખરું.

*('ભગતમાં ભગવાન', પ્ર.આ., પૃ. ૨૩૨-૨૩૬)*

## મુક્ત થવાની રીત

૯-૧૨-૫૮

**સામાનો દોષ ન જોતાં અથવા તો સામાના અવગુણ ન જોતાં આપણા પોતાના જ અવગુણ, દોષ અને કુટેવો સમજી સમજીને તેનાથી મુક્ત થવાનો પ્રામાણિક, જાગ્રત પ્રયત્ન કર્યા કરવો તે સાચી સાધના છે.** હરિસ્મરણ કરતાં કરતાં આ બધું આપણે કરવાનું છે. આપણે આપણાં પોતાનાં શાંતિ ને પ્રસન્નતા જો ટકાવવાં હોય અને જીવતાં રાખવાં હોય તો આપણે પોતે સાદાસીધા બધાંની સાથે સદ્ભાવ, આદર, પ્રેમભાવ, સુમેળ આ બધું જીવતુંજાગતું કેળવવું પડશે. જો આપણે આપણા હૃદયથી ખરેખરા કોઈને સદ્ગુરુ માન્યા હોય, તો આપણા પરત્વેના તેના મૂલ્યાંકનમાં આપણને સાચેસાચી શ્રદ્ધા પ્રકટી જવી જોઈએ. જો તેમ થતું ન અનુભવાય તો આપણે દિલથી કરેલા કે માનેલા સદ્ગુરુમાં આપણું દિલ હજી મળવા, હળવા કે ગળવા માંડેલું નથી એમ સમજવું. **સદ્ગુરુની સાથે પ્રેમભક્તિથી એકદિલ પ્રકટ્યા વિના આપણું કામ સધાવાતું નથી. જો માનવા તો પૂરેપૂરા દિલથી માનવા ને એવી તાકાત જો ન હોય તો બહેતર છે કે આપણે સદ્ગુરુ જ ન કરવા.** મારા ગુરુમહારાજનો મને હુકમ છે કે તારે કોઈને ભ્રમણામાં ન રાખવા. સાચી હકીકત કહેવી. મારા આવા લખાણથી કૃપા કરીને તમે ઓછું આણશો નહીં. સાચેસાચું દિલમાં સમજી શકો અને ગળે ઉતારી શકો તે માટે સ્પષ્ટ લખેલું છે. અને હવે આપણો એવો સંબંધ થયો છે, માટે લખી શકાય. તમે નડિયાદ જરૂર ઊતરશો, કારણ કે તમારી સાથે નજીવો થોડોક સામાન સુરત મોકલાવવાનો છે.

*('સમય સાથે સમાધાન' , આ.-૫, પૃ. ૫૪-૫૫)*

## ૨. અભય : શ્રીમોટાની વિશિષ્ટતા

- કાર્તિકેય અ. ભટ્ટ

વખતોવખત શ્રીમોટાને મળીને શ્રીમોટા સાથે સત્સંગવાર્તાલાપ કરનારા બૌદ્ધિક અને પરમજ્ઞાની સમગ્ર વિશ્વમાં 'Spiritual Leader' તરીકે ઓળખાનાર શ્રી વિમલાબેન ઠકાર લખે છે, ''આ રાષ્ટ્ર માટે જીવનદાયી પ્રેરણાનો સ્રોત બનવાવાળો ગ્રંથ ગીતા છે. જીવન કેવી રીતે જીવી શકાય એ શિખવવાવાળું એક અમોઘશાસ્ત્ર છે... ગીતાજીના યોગસૂત્રોમાં મનોવિજ્ઞાન ઠાંસી ઠાંસીને ભરેલું છે. પૂજ્ય શ્રીમોટાએ શાળાની મુલાકાતે મોડા આવેલા ડૉ. એની બેસન્ટને કહી દીધું હતું કે 'બાળકો કાંઈ ઘેટાં નથી.' આ એની બેસન્ટને પણ પ્રેરણાદાયી ગ્રંથ ભગવદ્‌ગીતા જ રહ્યો હતો. મહર્ષિ અરવિંદ, સ્વામી વિવેકાનંદ, લોકમાન્ય તિલક, વિનોબા ભાવે, વિમલાબેન ઠકાર, સંત જ્ઞાનેશ્વર આ બધા જ મહાપુરુષો ગીતા પર બોલ્યાં હતાં કે લખ્યું હતું. પૂજ્ય શ્રીમોટાએ પણ પદ્યમાં 'જીવનગીતા' શીર્ષકથી ગીતાની રચના કરી હતી પરંતુ સાથે સાથે ગીતાના કેટલાક ચરણોનું-શ્લોકોનું અર્થઘટન પોતાની લાક્ષણિક ઢબથી કર્યું હતું. જુદા જુદા સમયે, જુદા જુદા પુસ્તકોમાં પત્રોના રૂપે કે સાધકોના પ્રશ્નોના ઉત્તરરૂપે શ્રીમોટા ભગવદ્‌ગીતાનો સંદર્ભ આપીને સમજાવતા હતાં.

દૈવી તથા આસુરી પ્રકૃતિનું બયાન કરતા સોળમા અધ્યાયમાં જે ગુણ તથા સમૃદ્ધિનું વર્ણન શરૂઆતના પ્રથમ ત્રણ શ્લોકોમાં આવે છે તેમાં સૌથી પ્રથમ અભય છે. શ્રીમોટા આ સંદર્ભમાં કહે છે, ''મારી સમજણની દૃષ્ટિએ આ સૂચક છે. પૂરેપૂરો અભયનો ભાવ કેળવાયા વિના બીજા ગુણોની શક્તિનું પ્રાગટ્ય થવું શક્ય નથી.'' પૂજ્ય શ્રીમોટા પોતાનું ઉદાહરણ આપતાં કહે છે, ''અભય કેટલો અને કેવો કેળવાયો છે તે જોવા માટે પોતે કોંગ્રેસ મહાસભાના સભાસદ ન હોવા છતાં રાષ્ટ્રીય યુદ્ધમાં પૂરેપૂરું ઝંપલાવ્યું હતું તથા ખસ્યા કે ભાગ્યા વિના લાઠીમાર પ્રેમભાવે સહન કરી લીધો હતો. પોતાની સાધના દરમિયાન અભયને કેળવવા માટે શ્રીમોટાએ લીધેલાં પગલાં શ્રીમોટાના ભક્તોમાં જાણીતા છે.

બિલોદરા ગામમાં જ્યાં શ્રીમોટાએ આશ્રમ કરેલો છે તે આશ્રમ પહેલા કબીર આશ્રમ હતો. આ બિલોદરા ગામના માણસો કબીર આશ્રમના સાધુઓને થોડા થોડા દિવસે આવીને મારઝૂડ કરે, તેમનાં કપડાં, વાસણ-ફસણ, અનાજ બધું જ લઈ જાય. પેલા સાધુઓ માટીથી બનાવેલા આ આશ્રમને મૂકીને ચાલ્યા ગયા હતા. આ હકીકતની શ્રીમોટાને જાણ હોવા છતાં અહીં આશ્રમની સ્થાપના કરી. રોજ રાત્રે આશ્રમની પ્રદક્ષિણા કરતા, ભગવાનનું નામ લઈને લાઠી સાથે ફરતા તથા બિલકુલ ડરતા નહીં.

પૂજ્ય શ્રીમોટા ભક્તોને પણ અભયની શીખ મળે તેવા પ્રસંગો ઊભા કરતા હતા. અહીં સ્થપાયેલા નડિયાદ હરિઃૐ આશ્રમે કેટલીયે બહેનો આવે ત્યારે તેમને શ્રીમોટા ઘણીવાર મોડી રાત્રે એકલી સ્ટેશનથી આશ્રમ સુધી ચાલીને આવવાનું કહેતા હતાં. આ આશ્રમમાં એક વડલો. જેમાં બબ્બે સાપ ઘણીવાર ફરતા જોવા મળતાં. એવે ઠેકાણે સૂવાને માટે વડલા ઉપર માંચડો તૈયાર કરાવ્યો હતો. એવા માંચડા પર શ્રીમોટા સાધકોને મૌન કરાવતા હતાં.

**અનુસંધાન પેજ નં. ૧૦ પર...**

# ૩. હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે - શ્રી સોમાભાઈ ભાવસાર

શ્રીમોટાને એક માસી. બે પૈસે સ્થિતિપાત્ર. મોટાભાઈની માંદગી વખતે તથા શ્રીમોટાના લગ્ન સમયે તેમની પાસેથી થોડા થોડા કરીને પૈસા લીધેલા, તે તાત્કાલિક પાછા આપી શકાય નહિ. માસી તે આપી દેવા માટે રોજ ટકટકારો કરે.

શ્રીમોટા દરરોજ સવારના સાતેક વાગ્યાને સુમારે ઘરેથી ચા પીને પછી હરિજનશાળાએ જવા નીકળે. રસ્તે ભજન ગાતાં જાય,

'દિનાનાથ દયાળ નટવર હાથ મારો મૂકશો મા.'

'મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે...'

આવાં ભજનો મોટેથી ગાતાં ગાતાં તેઓ નિશાળને રસ્તે જાય. વચ્ચે માસીનું ઘર આવે. શ્રીમોટાના ભજનનો સૂર સાંભળે અને માસી બારીએ આવીને ઉભા જ હોય. શ્રીમોટા તેમના ઘર પાસેથી ગાતાં ગાતાં નીકળે કે તરત તેમણે બૂમ પાડી જ હોય, 'ચૂનિયા, ઊભો રહે.'

માસીની બૂમ સાંભળતાં જ શ્રીમોટા ઊભા રહે. ઊંચે નજર નાખે તો બારીમાં માસી ઊભાં જ હોય. શ્રીમોટા તેમને જોઈને બોલે, 'કેમ માસી શું કામ છે ?'

માસી કટુ સ્વરે બોલે, 'અલ્યા મારા રડ્યા તું જાણ છ તોય કા પૂછ છ !'

'થોડા દિવસમાં આવી જશે હો, માસી ! શ્રીમોટા બોલે, અને પછી ભજન ગાતાં ગાતાં નિશાળને પંથે પડે.'

આવી રીતે માસીએ બેચાર વાર કહ્યું હશે અને શ્રીમોટાએ, 'આવી જશે, આવી જશે, માસી' એવો જવાબ પણ આપ્યો હશે. પણ રકમની સગવડ થઈ ન હોય એટલે માસીને કેવી રીતે રકમ આપે ?

આથી એક દિવસ સવારમાં શ્રીમોટા નિશાળે જતા હતા તે સમયે માસી રસ્તામાં આવીને ઊભા રહ્યાં. મનમાં સખત દાઝે ભરાયેલાં કે, 'આજે ચુનિયો આવે તો તેને ધધડાવી જ નાખું. એના મનમાં સમજે છે શું ? આપીશ, આપીશ કહે છે તો આપતો કેમ નથી ?'

ત્યાં દૂરથી શ્રીમોટાના ભજનનો સૂર સંભળાયો, 'હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે.'

શ્રીમોટા ભજન ગાતાં ગાતાં માસીના ઘર પાસે આવ્યા, ત્યાં માસીએ તેમને ઊભા રાખ્યા. પછી માસીએ વાણીનો મારો ચલાવ્યો, 'અલ્યા ચુનિયા, તું શું સમજે છે ? મારા રડ્યા પૈસા લેતી વેળા તને સારા લાગ્યા હતા અને આપતી વેળા ગાળિયા કાડ છ... ખરું ? પણ તું સમજી જજે મારા જેવી કોઈ ભૂંડી નથી.' આમ માસીએ એમનાં કટાક્ષબાણો એવી તીક્ષ્ણ રીતે છોડવા માંડ્યા કે ખરેખર શ્રીમોટાએ તે નતમુખે મૂંગે મોંએ સહેવાં પડ્યાં.

સવારનો પહોર. પાસે જ શાકબજાર, એટલે લોકો શાક લેવા આવે, સૌ માસી ભાણેજનો તમાશો જોતાં જાય અને હસતા જાય. છેવટે શ્રીમોટાએ માસીને કહ્યું, 'માસી તને પગે લાગું છું. બેચાર દિવસમાં ન આપી જઉં તો તને ફાવે તેમ કરજે, બસ, મને નિશાળે જવાનું મોડું થાય છે માટે મહેરબાની કરી મને જવા દે.'

'ઠીક છે જા, પણ બેચાર દિવસમાં જો આપી ના ગયો તો મારા જેવી કોઈ ભૂંડી નથી એટલું જાણી લેજે.' કહીને માસી તેમના ઘરમાં ગયાં. શ્રીમોટા ભજન ગાતાં ગાતાં પાછા નિશાળે ઉપડ્યા.

શ્રીમોટાનો તે દિવસ આખો શોકમય ગયો.

નિશાળમાં કામ કરવામાં પણ તેમનું ચિત્ત ચોંટ્યું નહિ. વારે વારે વિચારો આવ્યા કરે. બેચાર દિવસમાં પૈસા મળશે ? નહિ મળે તો માસી શું કરશે ?

એક બાજુ શ્રીમોટા ઉપરના વિચારો કરે અને બીજી બાજુ ખરા હૃદયથી પેલું ભજન ગાય :

'હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે...'

ભજન ગાયા પછી શ્રીમોટાએ પ્રાર્થના કરી કે, 'હે ભગવાન, મારી લાજ તમારે હાથ છે, તેં બધાંયની લાજ રાખી છે તો મારી લાજ પણ રાખજે.'

અને બેચાર દિવસમાં જ શ્રીમોટાને માસી માગતાં હતાં તેટલી રકમનો મનીઓર્ડર મળ્યો. મનીઓર્ડર મળતાં શ્રીમોટાની આંખમાં હર્ષના આસું આવી ગયાં. તેમને થયું : મારો વહાલો કેટલો હાજરાહજૂર છે ?

નાણાં મળતાં તરત જ શ્રીમોટા માસીને ઘેર ગયા. તેમને પગે લાગી હિસાબ કરી બધી જ રકમ આપી દીધી. તોય માસી શ્રીમોટાને દાઝ્યા પર ડામ દીધા વિના રહી શક્યાં નહિ. શ્રીમોટાને ઉઠતી વેળાએ કહ્યું 'મારા રડ્યા, રસ્તામાં તારો ભવાડો ન કર્યો હોત તો તું આટલા જલદી પૈસા આપી જવાનો હતો ?'

શ્રીમોટા કાંઈ બોલ્યા નહિ. તેમણે મૂંગા મૂંગા ચાલતી જ પકડી. પરંતુ જે ભજને તેમની લાજ રાખી હતી તે ભજન તો તેમના અંતરમાં વસી ગયું : 'હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે, જેની સુરતા શામળિયા સાથ વદે વેદવાણી રે. 'આ ભજન તેમનું પ્રિય ભજન થઈ પડ્યું. તેથી જ જેઓ ભગવાનનું નામ લે છે તે સૌની ઈશ્વર લાજ રાખે એટલા માટે તેમનાં મૌનમંદીરોમાં જેઓ ઈશ્વરસ્મરણ માટે બેસે છે તેમને ઉપરનું ભજન સંભળાવે છે ને ગવડાવે છે.

*('તરણામાંથી મેરુ', આ.-૩, પૃ. ૬૪-૬૭)*

**અનુસંધાન પેજ નં. ૮ પરથી...**

એકવાર શ્રીમોટાને એવી જિજ્ઞાસા કરવામાં આવી કે, ''મોટા તમે કોઈ રાની પશુઓની સાથે રહેલા ?'' ત્યારે શ્રીમોટાએ પોતાનું ઉદાહરણ આપતા કહ્યું હતું, ''અભય એમ થવો સહેલો નથી. ગિરનાર જંગલમાં શ્રીમોટા સિંહ સાથે સાત દિવસ રહ્યા હતા. આવા ઉદાહરણો શ્રીરમણ મહર્ષિ તથા શ્રી વિમલાબેન ઠકારના જીવનમાં પણ જોવા મળ્યા છે.

શ્રીમોટા હિમાલયના અંદરના ભાગમાં કઠિન એવી યાત્રા કરીને એક ભીષણ દેખાવવાળા, મેલાઘેલા, ગંદા, અઘોરી બાબાને મળ્યા હતા. શ્રીમોટાને તેમણે એકાદ અનુભવ પણ કરાવ્યો હતો. અઘોરી બાબાની ઈચ્છા શ્રીમોટાને તેમની સાથે રાખી લેવાની હતી, પરંતુ શ્રીમોટાનો ધ્યેય સિદ્ધ કરવાનો હેતુ સ્પષ્ટ અને નિશ્ચિત હતો. સંસારનાં કર્મોને એમણે પોતાની સાધનાના એક મહત્ત્વના અંગ તરીકે સ્વીકારેલાં હતાં. આથી અઘોરી બાબાની માગણીનો અસ્વીકાર કરીને મહામુશ્કેલીએ એમની પકડમાંથી શ્રીમોટા છૂટ્યા. તે અઘોરીએ પૂજ્યશ્રીને કહ્યું, ''હું જોઉં છું, તું કેવી રીતે જાય છે. તું મારી સાથે રહે તો સારી વાત છે. તને બધું મળી શકશે. આ હઠ તું નહીં છોડે તો તારું શરીર ટકવું મુશ્કેલ બની જશે. હું જોઈશ કે તું કેવી રીતે નભે છે.'' શ્રીમોટા કહે છે, ''આવી ઊર્ધ્વકક્ષાએ પહોંચ્યા છતાં આવા સમર્થ લોકોમાં પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રકારની ઊર્ધ્વકક્ષાની સત્તાભાવના હોઈ શકે છે. એ વિચારનું મને સ્પષ્ટ દર્શન થયું.''

આવી ઘટનાઓના સંદર્ભમાં શ્રીમોટાએ કહેલી વાતના સંદર્ભ સાથે વિરમીશું. ''આ જીવ કોઈપણ પ્રકારના ભયને ગાંઠે એવો નથી. ભયને જીવનમાંથી ભગવાનની કૃપાથી (મેં) ભગાડી મૂક્યો છે.''

●

# ૪. છ દિવસના કડાકા થયા

**- શ્રી સોમાભાઈ ભાવસાર**

આ વખતે શ્રીમોટાના ગુરુમહારાજે આદેશ આપ્યો કે જબલપુરની પાસે ધૂંવાધાર નામની જગ્યા છે ત્યાં એક ગુફા છે ત્યાં જઈને તું સાધના કર.

ગુરુમહારાજનો હુકમ એટલે શ્રીમોટાથી તેનો અનાદર કેમ થાય ? તેઓ ધૂંવાધાર જવાને નડિયાદથી નીકળ્યા પણ રસ્તામાં ખીસું કપાઈ ગયું અને તેઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા અને તેની વાત આપણે વાંચી ગયા.

પણ શેઠની પાસેથી પૈસા મળતાં શ્રીમોટા ધૂંવાધારની જગ્યાએ ગયા. નર્મદાજી ધોધ રૂપે ત્યાં પડતાં હતા અને તેનો ભયંકર અવાજ કાન ફાડી નાખતો હતો.

કાચાપોચાના તો દિવસે છકકા છૂટી જાય એવી ભયંકર એકાંતવાળી એ જગ્યા હતી. તો પછી રાતે તો રહેવાય જ કેમ ? એક ગુફાના ઊંડાણમાં રહીને શ્રીમોટાએ સાધના કરવી એવો તેમના ગુરુમહારાજનો હુકમ હતો.

આ જગ્યાએ પગ મૂકીએ ને પહોંચી જવાય એવું નહોતું, પણ આયોજન કરીને જવાનું કરે તો જ જવાય એમ હતું.

પરંતુ જ્યારે યેન કેન પ્રકારે ત્યાં જવું જ છે એવો દ્રઢ મક્કમ નિર્ધાર થાય છે ત્યારે હૃદયથી આયોજન પણ સૂઝી જ જાય છે. શ્રીમોટા ગુફામાં જઈને જ્યાં જવાનું હતું ત્યાં એક વાર આવ્યા અને કેવી રીતે જવું તે વિચાર્યું. બીજી વાર ગયા અને બીજી રીતે વિચાર્યું. એમ જુદી જુદી રીતે વિચાર્યા પછી ત્યાં કેવી રીતે જવું તે નક્કી કર્યું, અને તે અનુસાર તેઓ ત્યાં જઈને બેઠા.

દિવસે તો બહારના અવાજો અને પંખીઓના કલરવને કારણે તથા દિવસના પ્રકાશને કારણે ધોધના અવાજની ભયંકરતામાં ભડકામણ ઓછી લાગે. પરંતુ રાત્રે જ્યારે બધું સૂમસામ થઈ જાય, પ્રકાશ ઓસરીને અંધારું થઈ જાય, પંખીઓના કલરવ બંધ થાય અને નીરવ શાંતિ વ્યાપી જાય ત્યારે ધૂંવાધારમાં ધોધનો અવાજ બિહામણો લાગે. એવો બિહામણો કે સાંભળીને આપણે થરથર ધ્રૂજવા માંડીએ.

પણ જે ભગવાનની ધૂનમાં પડ્યા હોય તેને તેવું ન ભાસે. એને તો ભયંકરતામાં પણ ભગવાન ભાસે. અંધકારમાં પણ પ્રકાશ દેખાય. શ્રીમોટાએ તો આ દિવસ છે કે રાત તેવો વિચાર ન કર્યો, પરંતુ ભગવાનની લગનીમાં લાગી ગયા. બસ 'હરિઃૐ'ની ધૂન લગાવી તે લગાવી.

કોઈ વાર તરસ લાગે ને પાણી પીવાનું મન થાય પણ ત્યાં પાણી ક્યાંથી મળેને કોણ લાવે ? દરિયાના સાહસિક મુસાફરોની વાતોમાં એવું આવે છે કે મુસાફરી કરતાં કરતાં પીવાનું પાણી ખૂટી જાય અને વરસાદ પડે તો કપડાં ભીંજાવીને તે ચૂસવાથી તરસ મટે છે. ધૂંવાધાર ધોધની ઝીણા ધોતિયાના છેડા ઉપર ઝીલીને શ્રીમોટા પણ ચૂસતા અને એ રીતે તેઓ એમની તરસને છીપાવતા.

પણ ખાવું તો રામ તારું નામ. રોજ એકાદશી થાય. આવી રીતે એક દિવસનો કડાકો થયો. બે દિવસના કડાકા થયા.

એમ છ દિવસ સુધી ખાવાનું મળ્યું જ નહિ !

પણ ભગવાનનેય એમ લાગ્યું હશે કે મારું નામ લેનારને છ-છ દિવસ સુધી ભૂખ્યા રહેવું પડે એ તો સારું નહિ. એટલે દિવસના કોઈ ત્યાં આવ્યું હશે એણે ગુફાની અંદરથી ભગવાનું નામ લેવાના પોકાર સાંભળ્યા અને તેણે જઈને જોયું તો ગુફાની અંદરના ઊંડાણમાં એક જગ્યાએ બેસીને એક માણસ ભગવાનનું નામ લઈ રહ્યો હતો. તે 'બિચારાને કોણ ખાવાનું આપતું હશે ?' એવો એને પ્રશ્ન થયો હશે. એટલે તે બીજા દિવસથી બપોરની વેળા ખાવાનું દોરડીએ બાંધીને લટકાવતો અને શ્રીમોટા તે લઈ લેતા. એ રીતે સાતમાં દિવસથી એને એક વાર ખાવાનું મળવા માંડ્યું. આ રીતે શ્રીમોટા એકવીસ દિવસ ત્યાં રહ્યા.

**અનુસંધાન પેજ નં. ૨૧ પર...**

## ૫. લાઠીમારની ઝડીઓ વચ્ચે હરિઃૐની ઘોષણા

**- શ્રી સોમાભાઈ ભાવસાર**

સને ૧૯૩૦માં સ્વરાજની લડતની ઘોષણા થઈ. ગાંધીજીએ દાંડીકૂચ કાઢી. અમદાવાદનો ગાંધીઆશ્રમ છોડતી વેળા તેમણે જાહેર કર્યું. 'કાગડાકૂતરાને મોતે મરીશ પણ સ્વરાજ લીધા વિના પાછો નહિ આવું.'

ગાંધીજીએ અમદાવાદથી દાંડી સુધીની કૂચમાં લાખો લોકોને આદેશ આપ્યો કે લડાઈની હાકલ થાય ત્યારે કોઈ ઘરમાં પુરાઈ ન રહેશો પણ બ્રિટિશ હકૂમતની સામે બહાદુર બનીને લડજો.

દાંડી જઈને ગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહ શરુ કર્યો અને તેની સાથે ગામેગામ મીઠાના સત્યાગ્રહો થયા. મીઠાના અગરોમાં જઈને મીઠું લાવી તેનું જાહેર વેચાણ કરાયું.

ત્યારે મીઠું એ માત્ર મીઠું ન રહ્યું પણ સ્વરાજનું સબરસ બન્યું. હજારો લોકોએ ચપટી મીઠાના હજારો રૂપિયા આપ્યા. ચપટી મીઠા માટે હજારો લોકોએ માથાં ફોડાવ્યા. ચપટી મીઠા માટે સેંકડો સ્ત્રીઓ દોડી આવી. સરકારે તેમની ઉપર ઘોડા દોડાવ્યા.

આવી ખરાખરીની લડાઈ વેળા ઘરમાં બેસી રહેવું ગમે ખરું ? શ્રીમોટા પણ આ સત્યાગ્રહની લડાઈમાં જોડાયા.

બોરસદ તાલુકાના દહેવાણ ગામે એક સભા ભરાવાની હતી. આ સભા કોઈપણ સંજોગોમાં ભરાવા દેવી નહિ એવું સરવાળે નક્કી કર્યું હતું. સામે સત્યાગ્રહીઓ પણ મક્કમ હતા. જે થાય તે ખરું પણ સભા તો ભરવી જ એવું એમણે નક્કી કર્યું હતું.

'છોને જાનમાલ જાય તોયે નથી હારવું'ના નારાથી ગામડાં ગાજી ઊઠ્યા. ટોળાબંધ માણસો દહેવાણની સભામાં ભાગ લેવા આવ્યા.

શ્રીમોટાએ આ સભામાં ભાગ લેવાનો હતો. 'શૂરવીર ચાલજો રે હો રણમાં'ના લડાઈમાં ગીતો ગાતા સેંકડો લોકો આવી રહ્યા હતાં.

તોફાનના અણસાર આવી રહ્યા હતાં. લોકમુખે વાતો થતી હતી કે આજે કંઈ નવાજૂની જરૂર થશે. પરંતુ ગમે તે થાય સૌ સભા ભરવા માટે મક્કમ હતા.

ખરી રીતે તો દહેવાણ ઠાકોર સાહેબનું ગામ હતું અને ત્યાં સભા થાય તે માટે સરકાર વાંધો લઈ શકે તેમ નહોતી. પ્રજાના આગેવાનો ઠાકોર સાહેબને સમજાવવા માંગતા હતા કે તમે પ્રજાના થઈને પ્રજાની વિરુદ્ધ શા માટે થાઓ છો ? ભલા થઈને સભા ભરવા દો ને ! પણ દહેવાણ ઠાકોરને સરકારે એવા ચઢાવી રાખેલા કે તેમણે પ્રજાના આગેવાનોને મળવાનો જ ઈનકાર કર્યો પછી તો વાત કસ ઉપર ગઈ.

છેવટે સભા ભરાઈ. પણ જ્યાં ભાષણની શરૂઆત થાય ત્યાં જ સંકેત પ્રમાણે પોલીસોએ લાઠીમાર શરૂ કર્યો. ધડાધડ લાઠીઓ પડવા માંડી. માણસોની ભાગાભાગ શરૂ થઈ તેમ તેમ લાઠીઓ વધુ જોરથી પડતી ગઈ. કેટલાયના હાથ ભાંગ્યા. કેટલાયના પગ ભાંગ્યા અને કેટલાયના માથા ફૂટ્યાં. પોલીસોએ કાળો કેર વર્તાવી દીધો.

આ વખતે શ્રીમોટા લાઠીઓની સતત ઝડીઓની વચ્ચે અણનમ ઊભા હતા અને જેમ જેમ લાઠી પડે તેમ તેમ હરિઃૐ, હરિઃૐ એમ ઘોષણા કરતા હતા. એક બાજુ તેમના પર સતત લાઠીઓ પડતી હતી અને બીજી બાજુ તેમના મુખમાંથી હરિઃૐ, હરિઃૐની બૂમો સતત નીકળતી હતી.

મારનારાઓને પણ થયું હશે કે આ કોઈ ખરો લાગે છે. વાત અમલદાર સુધી પહોંચી કે લાઠીઓની ઝડીઓ વરસવા છતાં પણ એક સ્વયંસેવક હઠતો નથી અને તે હરિઃૐ, હરિઃૐ બોલી રહ્યો છે.

તરત જ પોલીસ-અમલદારો ત્યાં દોડી આવ્યા.

**અનુસંધાન પેજ નં. ૧૮ પર...**

## પૂજ્ય શ્રીમોટાનું અતિપ્રિય ભજન

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે,
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે.

દુનિયાની જુઠી વાણી વિશે જો દુઃખ વાસે છે,
જરાયે અંતરે આનંદ ના ઓછો થવા દેજે.

કચેરી માંહી કાજીનો નથી હિસાબ કોડીનો,
જગત કાજી બનીને તું વહોરી ના પીડા લેજે.

જગતના કાચના યંત્રે ખરી વસ્તુ નહીં ભાસે,
ન સારા કે નઠારાની જરાએ સંગતે રહેજે.

સ્હેજે શાંતિ સંતોષે સદાયે નિર્મળે ચિત્તે,
દિલ જે દુઃખ કે આનંદ કોઈને નહીં કહેજે.

વસે છે ક્રોધ વૈરી ચિત્તમાં તેને તજી દેજે,
ઘડી જાએ ભલાઈની મહાલક્ષ્મી ગણી લેજે.

રહે ઉન્મત્ત સ્વાનંદે ખરું એ સુખ માની લે,
પીએ તો શ્રી પ્રભુના પ્રેમનો પ્યાલો ભરી પીજે.

કટુ વાણી સુણે જો કોઈની, વાણી મીઠી કહેજે,
પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે.

અરે પ્રારબ્ધ તો ઘેલું રહે છે દૂર માગે તો,
ન માગે દોડતું આવે ન વિશ્વાસે કદી રહેજે.

અહો શું પ્રેમમાં રાચે, નહીં ત્યાં સત્ય પામે તું ?
અરે તું બેવફાઈથી ચડે નિંદા તણે નેજે.

લહે છે સત્ય જે સંસાર તેનાથી પરો રહેજે,
અરે એ કીમિયાની જો મઝા છે તે પછી કહેજે.

વફાઈ તો નથી આખી દુનિયામાં જરા દીઠી,
વફાદારી બતા'વા ત્યાં નહીં કોઈ પળે જાજે.

રહી નિર્મોહી શાંતિથી રહે એ સુખ મોટું છે,
જગત બાજીગરીનાં તું બધાં છલબલ જવા દેજે.

પ્રભુના નામનાં પુષ્પો પરોવી કાવ્યમાળા તું,
પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવી પ્રીતે દેજે.

કવિ રાજા થયો શી છે પછી પીડા તને કાંઈ ?
નિજાનંદે હંમેશાં બાલ મસ્તીમાં મઝા લેજે.

અમારા નડિયાદના સદ્‌ગત બાલાશંકરભાઈની 'ગુજારે જે શિરે તારે' એ ગઝલ મને નાનપણમાં બહુ પ્રિય. અને ગરીબાઈમાં ઘણું વેઠવાનું આવેલું હતું અને ઘણા કારમા પ્રસંગો પણ સાંપડેલા હતા. કઠણાઈઓ તો પાર વિનાની. શરીર તૂટી પડે, એટલી હદ સુધીની મજૂરી અને તેમાંય મજૂરી કરાવનારની પ્રપંચવૃત્તિ. આ બધામાં 'ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે !' આ ગઝલના ભજને મને ઘણું પ્રોત્સાહન આપ્યું હતું. એ ગઝલનો લય મારા કંઠમાં બેસી ગયો છે. તેથી, મારા સાધનાભ્યાસના કાળના જુદા જુદા તબક્કાનાં જુદાં જુદાં પાસાં 'ગુજારે જે શિરે'ની લયમાં જ લખાયેલાં છે. ગઝલના શબ્દાકાર કે માત્રમેળ જાણતો નથી, પરંતુ ગાતાં ખટકાય નહિ. એટલું તો જોવાયું છે. સામાન્ય રીતે તો આપોઆપ જે કહેવાનું હોય છે, તે ઢાળમાં યથાસ્થિતપણે યોગ્ય રીતે નીકળ્યાં જ કરતું હોય છે, ભાગ્યે જ ફેરફાર કરવો પડે છે. એક વાર લખ્યું તે લખ્યું. ફરી વાંચી જતો પણ નથી, અને એને મઠારવાનું તો જાણતો જ નથી. જેમ જે સ્ફુર્યું તેને તેમને તેમ રાખ્યું છે.

•

૪-૧૦-૫૫

પ્રિય ભાઈ,

હરિસ્મરણ પળેપળ ચાલતું રહે ત્યારે જ જીવનનું નવું કામ શરૂ થઈ શકે. હરિસ્મરણ કરતાં કરતાં રોમરોમ આનંદ પ્રગટે ત્યારે જીવનની કંઈક અંશે કૃતાર્થતા અનુભવાય. માટે 'હરિઃૐ' લલકાર્યા કરજો. જીવનમાં મનુષ્યદેહ મળ્યો છે, તેવું જીવન દેવોને પણ દુર્લભ છે. માટે તેને સાર્થક કરજો. જાગૃતિ રાખ્યા વિના, ચિંતા અને સાવચેતી ને સાવધાની રાખ્યા વિના કશું બનવાનું નથી. માટે ચેતી ચેતીને હરિનું નામ લેજો. એ વિનાનો અમારો સંબંધ નકામો છે. અમારે તો પ્રભુકૃપાથી અમારા વડે કોઈ બીજો ભગવાનનું નામ લેતો થાય ત્યારે અમને સખ વળે. ચિંતાનું કારણ ઊપજે તેમ છતાં પણ ભગવાનને પ્રાર્થના કરી આપણે હરિસ્મરણમાં જ મસ્ત રહેવું. આશ્રમના ફાળામાં કંઈક રકમ ઉમેરાય તે કાજે તમે બધા ભીખુભાઈને મદદ કરતા રહેજો. આ જીવ પ્રખ્યાતિમાં નથી. મારું કામ તો તમારા જેવાના આધાર પર છે. માટે તમે એ બાબતમાં તમારા મિત્રમંડળ અને ઓળખીતા-પાળખીતા વગેરે બધા આ કામમાં જેટલી સહાય કરશો તે પ્રભુકૃપા છે.

તમારું સ્મરણ મને થાય જ છે. તમારા આંસુ ભૂલી શક્યો નથી, તો તમારો ભાવ તો ભુલાય જ કેમ ? ભગવાનનું નામ લેતાં લેતાં તમને જે આંસુ આવેલા તે જોઈને મને તો એમ થયેલું કે તમે હરિનું સ્મરણ એકધારું સતત ચલાવ્યા જ કરશો. નામસ્મરણ સર્વ યજ્ઞના કરતાં ચઢિયાતો છે. સાધુસંન્યાસીઓ અને મહાત્માલોક એક એક યજ્ઞ કરવા પાછળ દસદસ હજાર, વીસવીસ હજાર, ને ત્રીસત્રીસ હજારની રકમ ખર્ચે છે. આ યજ્ઞ એવો છે કે પૈસાનો ખર્ચ થયા વિના આ યજ્ઞ થઈ શકે છે, અને તે યજ્ઞ ઉત્તમમાં ઉત્તમ છે. ને એનું ફળ અમૃત છે. હરિનું સ્મરણ જેટલું ભક્તિથી, ભાવનાથી, જ્ઞાનપૂર્વક કરશો તેટલી મજા આપણને છે. ત્યાં તમારા બધાની મદદ મળ્યા વિના મારાથી કશું ના થઈ શકે. સુરતમાં ભાવના છે. આ જીવ પ્રભુકૃપાથી જેવો છે તેવો છે. એની સમજણ શક્તિ અને જ્ઞાનની શક્તિ વિશે મારે મોંઢે કહેવું અજુગતું લાગે, પણ મારાં લખેલાં પુસ્તકો વાંચે તો તેની સમજણ પડે તેવું છે. તમે બધા શુભેચ્છકો અને મિત્રો ભગવાન કૃપાએ મદદ કરો તો જ ત્યાંનું કામ બની શકે. ભગવાનની કૃપા હશે તો બનવાનું.

●

૧૮-૧૦-૫૫

મૌનમંદિર જેમ બને તેમ જલદી બને એમ સૌ ઈચ્છે છે, પરંતુ ભાઈ ! મારી કને પૈસા નથી. મંદિર બંધાય એટલા પૈસાની સગવડ થયા વિના હું કદી કામ શરૂ કરવાનો નથી તે જાણશો. કારણ કે પૈસા ખૂટે તો મારે ક્યાંથી લાવવા ? માટે જેમની જેમની એમ ઈચ્છા હોય, તે બધા જો મને મદદ કરે, તો હું તો તૈયાર જ છું. ભગવાનનું સતત સ્મરણ કર્યા કરજો. તમારા હૃદયની ભાવનાનો ઉપયોગ એના સ્મરણમાં કરશો તો સાચા ધનવાન થશો.

●

૭-૧૨-૫૫

ભગવાનનું સ્મરણ કર્યા કરશો. તેના ઉપર ભરોસો રાખજો. તમારી પ્રકૃતિને લીધે ભક્તિમાર્ગમાં ચિત્ત ચોંટ્યું નથી, તે બરાબર નથી. દિલ હોય તો માળવે પણ જવાય. આપણને બરોબર દિલ થયું હોય તો કરવા ધાર્યું હોય તે જરૂર કરી શકીએ. તામસ પ્રકૃતિને લીધે પ્રમાદ અને આળસ ઘણાં રહ્યા કરે ને કંઈ કશું કરવાની પ્રવૃત્તિ ના બને. કરાવે તો પણ જાણે કે ઠેરના ઠેર. આવું હોવા છતાં જો આપણને

ભગવાનનું સ્મરણ કરવું હોય તો કરી શકીએ છીએ. માટે હિંમત રાખજો. મોતિયાનું ઑપરેશન એ તો હવે ઘણી રમતની હકીકત બની ગયેલી છે. સોએ એંશી પંચ્યાશી ટકા મોતિયાનાં ઑપરેશન સફળ થાય છે. તેમ આપણું પણ થવાનું. માટે કોઈ જાતની ચિંતા કરશો નહિ.

**સ્મરણમહિમા**

૬-૪-૫૬

કુરુક્ષેત્રમાં તમારો વિચાર મૌનમાં બેસવાનો છે તે ઘણું ઉત્તમ છે. વેપારના સંજોગો ઠીક નથી રહેતા અને સંસારની બીજી મુશ્કેલીઓના વિચારોની આંધી આવે છે ત્યારે તમારું મન અસ્વસ્થ થઈ જાય છે અને સ્થિરતા જળવાતી નથી. તેવી વેળાએ હરિસ્મરણ મનને સ્થિર કરવામાં મદદ કરે છે. અને કોઈના તરફથી મળતી પ્રેરણા તેમાં ટકાવી રાખે છે. એ હકીકત આનંદપ્રેરક છે. **હરિસ્મરણ જો સાચું રાખ્યા કરશો અને જો પ્રાર્થના કર્યા કરશો તો હિંમત હારી નહિ જવાય. પૂરી ધીરજ રહેશે અને ધરપત પણ રહેશે.** વેપારના કામમાં અને સંસારના કામમાં પણ હરિસ્મરણ સેહ પૂરશે. ભગવાનનું નામ લેનારને અનેક પ્રકારની મુશ્કેલીઓ આવેલી છે, ને તેમાંથી તે તરીને પાર થયેલા છે. એવી હકીકતો આપણે જાણેલી છે. હરિસ્મરણ એ તો આંધળાની લાકડી છે. જ્યાં કંઈ કશું દેખાતું ન હોય, ત્યાં તે આપણો ધ્રુવતારો છે. હરિસ્મરણ જે કરે છે અને વળી જે હૃદયના ભાવથી કરે છે તેને કંઈ કશું ડગાવી શકતું નથી. જેને સમર્થ ધણીનો આશરો છે તેને પછી ડર શો ? માટે ભગવાનનો ભરોસો રાખીને એનું જ્ઞાનભક્તિપૂર્વકનું શરણું સ્વીકારીને એ જેમ વર્તાવે તેમ વર્તીએ.

શ્રીભગવાનનો આપણા ઉપર થતો ક્રોધ અથવા એની બીજી કોઈ લાગણી તે આપણા જેવા જીવ-પ્રકારનાં નથી હોતાં. રામને હાથે રાવણ મર્યો તો પણ રામના હાથના મરણથી એનું કલ્યાણ થયું. એટલે ભગવાનનું જે તે બધું પ્રેમભક્તિથી સ્વીકારવામાં માનવીનામાં મર્દાનગીની જરૂર રહે છે. પરિશ્રમથી ભરપૂર એવી મર્દાનગીની જરૂર છે, એનું મોકલેલું જે જીવ ખરેખરી ભક્તિથી, પ્રેમથી, અંતરના ઉમળકાથી વધાવીને તે ભોગવવામાં જે લગારે દુઃખ લગાડતો નથી એટલું જ નહિ પણ જીવનને યોગ્ય રીતે ઘડવામાં તે જ સાચું મોટામાં મોટું હથિયાર છે, એમ માનીને તે ભોગવવામાં રાજીરાજી થાય છે તેઓ શ્રીભગવાનની કૃપાને પામે છે. શ્રીભગવાનની કૃપા એવી રેઢી પડી નથી, ને એમને એમ મળી પણ જતી નથી. સંસાર વહેવારમાં પણ આપણે જે કોઈની કનેથી કંઈક મેળવવું હોય છે તો તેને માટે આપણે ઘસાવું પડે છે. એ તો અનુભવની વાત છે. માટે કૃપા કરીને હરિસ્મરણમાં મસ્તી અનુભવો ને હાલતાં ચાલતાં ખાતાં પીતાં, સકળ કાજ કરતાં કરતાં હરિસ્મરણ કર્યા કરો.

૩૧-૫-૫૬

**ભગવાનનું નામસ્મરણ ગંગાના પ્રવાહની પેઠે સળંગ ચાલ્યા કરે ત્યારે જ તેનો ફાયદો જણાય. કલાક, અડધો કલાક કે બે કલાક નામ લીધેથી કશું ના વળે.** આપણામાં કહેવત છે કે જેટલો ગોળ ઘાલ્યો એટલું ગળ્યું થાય. પરંતુ તે કહેવત નામસ્મરણમાં લાગુ પડતી નથી. જેમ વેપારમાં લાભ મેળવવો હોય છે તો આખો વખત તેમાં ધ્યાન આપવું પડે છે. દિવસમાં પા-અડધો કલાક વેપાર કરીએ તો દેવાળું નીકળે. વેપાર ચલાવીએ તો વેપારમાં ધ્યાન આપ્યે જ છૂટકો. એવી રીતે જો ભગવાનના નામનો વેપાર આપણે ચલાવવો હોય તો અડધું-પડધું કર્યે નહિ પાલવે. ભગવાન તો દાનત પારખનારો છે. નેકદિલી, સચ્ચાઈ, પ્રમાણિકતા, વફાદારી, ભગવાન પરત્વે આપણાં કેટકેટલાં છે ને તે બધાંની તે કસોટી પાકી કરવાનો એક પૈસો પણ કોઈ આપણને એમને એમ આપી દેતો નથી. આપણે ભગવાનને વહાલા થઈ પડીએ તેવા જો આપણે થઈએ તો ભગવાન આપણો

જ છે. જે આપણને ઘણામાં ઘણું વહાલું હોય તેનું મનનચિંતન ને તેની ધારણા આપણા દિલમાં રહ્યા કરે છે. તેવી રીતે **આપણા દિલમાં ભગવાનની ધારણા આઠે પ્હોર જીવતી રહ્યા કરે તો તેવું નામસ્મરણ ખપમાં લાગે છે. નામસ્મરણમાં જેમ જેમ સળંગતા પ્રગટશે તેમ તેમ મનની ચંચળતા હઠી જવાની. મન ચંચળ થાય ત્યારે પ્રાર્થના કરવી.** સદ્‌ગુરુની કૃપા મદદ માગવી. ગુંચવાડો થાય, મૂંઝવણ થાય, મુશ્કેલી આવે તો તેવી વેળાએ ભગવાનને પ્રાર્થના કરવાનું ચૂકવું નહિ. હરિસ્મરણ કરતા રહેશોજી.

**સ્મરણ-સંગાથ**

૨૩-૬-૫૬, મદ્રાસ-૧

હરિમાં ભરોસો રાખવો. એનું સ્મરણ એ ઘણી મોટી વાત છે. એ તો લેવું હોય તેવું દિલ તો લઈ શકાય છે. માટે એ તો મથી મથીને લેવું જ. બીજું ગમે તે કર્યા કરો પણ એને કદીપણ ન છોડો. મથી મથીને પણ એનો સંગાથ રાખો ને રાખો જ.

૨૭-૭-૫૬

તમે ગુરુપૂર્ણિમા પર આશ્રમ જઈ આવ્યા તે હકીકત જાણી છે. હરિસ્મરણમાં પરાક્રમ દાખવવું. જેને હરિસ્મરણમાં ચિત્ત ચોંટ્યું તેને સંસારના વિચારો આવી શકવાના નથી. ને તે વળી પણ કેમ કરી શકે ? હરિસ્મરણમાં દિલ લાગવાથી વ્યવહારમાં શુદ્ધિ પ્રકટવાની, સાફ દિલ, નેક દાનત પ્રકટવાની ને દિલમાં એક બહાર પ્રગટવાની. તેથી ભૂલો તો કદી પછી થવાની જ નહિ. હરિ-સ્મરણથી જીવનનું કશું બગડી જવાનું નથી તે જાણશો.

**કર્મ સાથે સ્મરણ**

૨૯-૯-૫૬

કુરુક્ષેત્રમાં ભાદરવા વદ ચોથના દિને તમે સૌ કુરુક્ષેત્રમાં ગયેલા ને હરિસ્મરણ કરેલું તેવી રીતે અવારનવાર જતા રહેશો. આપણે તો સંદેશા-વ્યવહારમાં છીએ અને વેપારની પ્રવૃત્તિમાં છીએ એટલે ઊંચી-નીચી ગડમથલ તો થતી રહેવાની. દરેકને કોઈને કોઈ જાતની ગડમથલ તો હોય છે જ; તેમ છતાં આપણે શાંતિ-પ્રસન્નતા રાખવાં ઘટે. મથતાં મથતાં આખરે સિદ્ધિને વરી શકાય છે. હરિ પર ભરોસો અને વિશ્વાસ રાખતાં શીખીએ અને જે કામ મળ્યું હોય તેને ઉત્તમમાં ઉત્તમ રીતે કરતાં કરતાં હરિસ્મરણ કરીએ.

***('સમય સાથે સમાધાન', પ્ર.આ., પૃ. ૨૧ થી ૨૮)***

**સ્મરણ સાથે જરૂરી બાબતો**

૨૧-૭-૫૯

ગુરુપૂર્ણિમાને દિવસે તમે આખો દિવસ હરિસ્મરણમાં ગાળવાનું નક્કી કર્યું હતું તે પ્રમાણે જરૂર કરશો. ભગવાનનું સ્મરણ કરતા રહેવું. એના જેવો બીજો કોઈ સહારો નથી ને બીજી કોઈ મદદ પણ નથી. એના જેવી બીજી કોઈ જગતમાં ભારે ઓથ નથી. આ બધું તમે પ્રેમથી ગળે ઉતારજો ને પાકું સમજજો. અને હરિસ્મરણને સાચું જીવન ગણીને એ પ્રમાણે વર્તવાનું સમજી સમજીને કરજો. આ સંસારમાં જે જે જીવ મળેલા છે, તેમની સાથે ભાવભક્તિપૂર્વક, ઉદારતા, મોટું દિલ આપણે રાખવું. બીજાને માટે પ્રેમથી ત્યાગ કરવાનું જેટલું બનશે, તેટલી આપણી શક્તિ વધવાની છે. આપણે સમજી સમજીને બીજાને માટે પ્રેમથી જેટલું સહન કરીશું તેટલું ખરેખરું બળ મળવાનું છે.

***('સમય સાથે સમાધાન', પ્ર.આ., પૃ. ૫૭)***

**સન્મુખતા**

૩૧-૭-૬૧

આ કાગળ તમને મૌનમંદિરમાં મળશે. ભગવાનની કૃપાથી ખૂબ ઉત્સાહથી અને ભક્તિથી નામસ્મરણ, પ્રાર્થના, ભજન અને વાંચનનો સત્સંગ કર્યા કરજો. અને વારંવાર મોટાને મનની આંખ સામે લાવીને આંખો મીંચીને તેનું સ્મરણ કરજો-અંદરથી કાગળ લખવાની જરૂર નથી. અંદર આનંદ ઉત્સાહથી હરિસ્મરણ પ્રાર્થના વગેરે બધું કર્યા કરજો.

***('સમય સાથે સમાધાન', પ્ર.આ., પૃ. ૬૬)***

૮-૭-૬૦

વહાલા બાબુભાઈ, તમારો ૫/૭નો કાગળ મળ્યો. તમારો અને મારો મેળાપ એ તો ભગવાનની કૃપાનો સંબંધ છે. જે નિશ્ચય કરીએ તે નિશ્ચયને પ્રેમભક્તિથી સરેશની જેમ વળગી રહીએ તો જ આત્મબળ આપણામાં કામ કરતું બની શકે. **નિશ્ચય કરીને જે નિશ્ચયને વળગી રહેતો નથી તેવો જીવ તો વિશેષ ને વિશેષ લુલો બન્યાં કરે છે. દિલની ભાવનાને ટકાવી રાખવાને પણ નિશ્ચયબળની જરૂર.** એવા હૃદયના નિશ્ચયબળ ના હોય તેવા જીવમાં વિશ્વાસ અને શ્રદ્ધા - કપૂરની વાસની જેમ ઊડી છે. અને આ મૌનગાળામાં તમે પ્રભુકૃપાથી જેને માન્યા છે તેને દિલમાં દિલની ભાવનાથી વિશેષ ને વિશેષ જીવતો કરો. અને તેનામાં રાચવાનું કર્યા જ કરો. અને બહાર નીકળ્યા પછી તે અભ્યાસને કેળવી કેળવીને વધુ ને વધુ સજીવન કર્યા કરો તો જેને માન્યા હોય તેની ચેતનાની મદદ હૂંફ-ઓથ આપણને લાગ્યાં કરે.

ખૂબ આનંદમાં રહેજો. આજે ગુરુપૂર્ણિમા છે અને કેટલાં બધાં સ્વજનો દિલમાં એક પછી એક ડોકાય છે. **આજે કેટલાંકનાં સ્મરણમાં ઊર્મિ છે. લાગણી છે ભાવના છે, પરંતુ તેમાં નિરંતરતા પ્રગટી નથી. આપણે તે પ્રગટાવીએ તો કામ પાકે. ભાવનાથી જે જીવે છે તે ખરું જીવી જાણે છે.** એવી રીતે જીવવું એને જ જીવન ગણેલ છે. માટે મરદ બનજો.

### ભાવનાનાં લક્ષણ

૧૧-૭-૬૦

ભાવના જ્યારે દિલમાં પાંગરે ત્યારે તેવી ભાવના કેવું ગજબનું કર્મ કરાવી શકે છે તેના જોઈએ તેટલા દ્રષ્ટાંત ઈતિહાસ આપે છે. શૌર્યના-ધૂનમાં ચઢેલું માનવીનું દિલ અનેક ઘા પડ્યા હોવા છતાં પણ મેદાનમાં મસ્તીથી ઝઝૂમ્યાં કરે છે. એવા એક નહિ પણ અનેક દાખલા છે. મસ્તી પ્રગટે તો કશું મુશ્કેલ લાગતું નથી. ભાવના પ્રગટતાં કોઈ એક પ્રકારની મસ્તી પ્રગટે છે. અને તેની ધૂન એવી તો દિલમાં ફોરે છે કે જેથી કરીને આપણે મુશ્કેલમાં મુશ્કેલ કામને પણ પાર પાડી શકીએ છીએ. **એવી ભાવના જો તમને પ્રગટી શકે તો મોટાનાં દર્શન તો ત્યાં છે જ. જેમ મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા થયા વિના મંદિરમાં તેનાં દર્શન કોઈ કરતું નથી તેવી રીતે આશ્રમના મૌનમંદિરમાં પ્રભુકૃપાથી અમારા ગુરુમહારાજની ભાવનાની પ્રાણપ્રતિષ્ઠા અને ચેતનની પ્રતિષ્ઠા ત્યાં અમે શ્રીભગવાનની કૃપાથી કરેલી છે.** એમ જે તે દિલમાં ખરેખરી ભાવના જાગે છે તેને તો ખરેખરો કોઈ અનેરો રંગ જામે છે. અને જેને રંગ જામે છે તેના નશાની તો શી વાત કરીએ ? માટે ભાવના પ્રગટાવી પ્રગટાવીને રહ્યાં કરજો.

### સ્વજન સાથે મોટાનું વર્તન

૨૮-૭-૬૦

જત તમારું ૨૫મીનું કવર મળ્યું છે. આ વખતનું તમારું મૌન પ્રભુકૃપાથી સારું થયું અને એની કૃપાથી પાર ઊતર્યું. અને હરિસ્મરણમાં જીવવાની તમને પ્રભુકૃપાથી સમજણ પડવા લાગી છે તે બધું જાણીને રાજી થયો. ભગવાને તમને તો મને ભેટ તરીકે આપેલા છે તે હું તમને કેમ કરીને ભૂલી શકું ? અને તમને તો મારા વહાલા સ્વજન ગણું છું. એટલે જ તમો સાથે કેટલીક વાર કઠણ રીતે પણ વર્તું છું. જેને આપણા પોતાના ગણીએ તેને તો આપણે પ્રેમથી અને

ક્રોધથી પણ અને કઠણ વચનથી પણ વર્તી શકીએ. તમે મનમાં કશું લાવતા નથી અને મારા પર પ્રેમ જ ઢોળો છો તેમ છતાં જો તમને ખરેખરો મારા પર પ્રેમ થઈ જાય ત્યારે તો પ્રેમનો ધર્મ એ છે કે એનું મનન ચિંતવન આપણા મનમાં સતત થયાં કરે. અને પ્રેમનું બીજું લક્ષણ આકર્ષણ છે. એવું જ્યારે ખરેખરું દિલમાં દિલથી આકર્ષણ તમને મારી પરત્વે જાગે ત્યારે ખરેખરો પ્રેમ થએલો સમજવો. અને આકર્ષણ જાગે તો તે કંઈ સમજાયા વિના થોડું જ રહે ? **પ્રભુનું સ્મરણ અને જીવનમાં મળેલાં પરત્વેનાં રાગદ્વેષ મોળા પાડી પાડી બધાંની સાથે સદ્ભાવ, સહાનુભૂતિ-ધીરજ ત્યાગ કરવો-મોટું દિલ દાખવવું. આ બધું આપણે સમજી સમજીને કર્યા કરવું. એમાં જે ખમવાનું આવે તેને તપ સમજવું. હૃદયના ઉમળકાથી અને પ્રેમથી સહન કરીએ તો જ પ્રેમ જીવે.**

*('સમય સાથે સમાધાન', પ્ર.આ., પૃ. ૬૨-૬૬)*

**અનુસંધાન પેજ નં. ૧૨ પરથી...**

તેમની સાથે તેના ઉપરી અમલદાર પણ આવી પહોંચ્યા. જુએ છે તો કેટલાય પોલીસો એક સ્વયંસેવકની આસપાસ ફરી વળ્યા છે અને તેની ઉપર લાઠીઓનો વરસાદ વરસાવી રહ્યા છે. છતાં સ્વયંસેવક અણનમ છે અને તેના મુખમાંથી હરિઃૐ હરિઃૐની શબ્દધારા નીકળી રહી છે.

પોલીસ ઉપરીએ આ સ્વયંસેવક કોણ છે એમ પૂછ્યું, તો નડિયાદના ચુનીલાલ ભગતનું નામ દેવાયું. પોલીસ ઉપરીએ તરત જ લાઠીમાર બંધ કરાવ્યો, કારણ કે શ્રીમોટા તેમના પરિચિત હતા.

પોલીસ ઉપરીનેય ત્યારે થયું કે આ તો પોલીસોએ કીડી ઉપર કટક મોકલવા જેવું કર્યું. શ્રીમોટાને ઘણી લાઠીઓ વાગી હતી અને તેઓ સારી પેઠે ઘવાયા હતા. તરત તેમને સારવાર માટે હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યા. સ્વરાજની લડતમાં શ્રીમોટાએ આ રીતે ભાગ લીધો.

*('તરણામાંથી મેરુ', આ.-૩, પૃ. ૧૨૭-૧૩૦)*

## ગયેલા આત્માને...

૧. ભાવનગર નિવાસી હિતેશભાઈ ચંદુભાઈ મોદીનું તા. ૧૨-૧-૨૦૨૦ ને રવિવારના રોજ અવસાન થયેલ છે.

૨. અમદાવાદ નિવાસી ચીનુભાઈ સોમાભાઈ ભાવસારનું તા. ૧-૨-૨૦૨૦ ને શનિવારના રોજ અવસાન થયેલ છે.

૩. અમદાવાદ/નરોડા નિવાસી (નાના) અમૃતભાઈ જેસીંગભાઈ તા. ૩-૨-૨૦૨૦ ને સોમવારના રોજ અમેરિકા મુકામે અવસાન થયેલ છે.

૪. નરોડા (અમદાવાદ) નિવાસી શ્રી ગોરધનભાઈ મણીભાઈ પટેલના દીકરા મહેન્દ્રભાઈના પત્ની ગીતાબહેનનું અવસાન તા. ૧૩-૨-૨૦૨૦ના રોજ થયેલ છે.

૫. લતાબહેન યોગેશભાઈ આસરાના માતુશ્રી જશુમતીબહેનનું ભાવનગર મુકામે તા. ૨૯-૧-૨૦૨૦ના રોજ અવસાન થયેલ છે.

**પૂ. શ્રીમોટા સર્વે ગતાત્માને મન, હૃદયથી શાંતિ અર્પે તેવી પ્રાર્થના.**

(અનુષ્ટુપ)

ભૂતકાળની સંસ્કૃતિ થકી મળેલ જે બધું,
ભલેને યોગ્ય તે હોય તેથી સંતોષ ના ધરો. ૧

તેમાં કંઈક ઉમેરો મૂલ્યાંકન નવાં નવાં,
જન્માવો તે વિશે ઊંચા મૌલિક રત્નની સમાં. ૨

મૂળના ભાવનું હાર્દ સાચવી યોગ્ય રીતિએ,
નવાં મૂલ્યાંકનો કેરું સર્જાવો સત્ય તે થકે. ૩

વ્યવહારતણા ક્ષેત્રે ગીતાના જ્ઞાનને ખરે,
આચરી તે શકાયે ને વર્તાયે તેમ સર્જશો. ૪

સાંપ્રતકાળને યોગ્ય રીતે જ્ઞાન ગીતાતણું,
ગૂઢ ને સૂક્ષ્મ જે જે હો, તેને સહેલું ઘો કરી. ૫

આવતી પેઢીને સોંપો તે સંશોધિત રૂપમાં,
કરી તે જ્ઞાનસમૃદ્ધ એને નાવીન્ય વેશમાં. ૬

વર્તમાન અને ભૂત, ભવિષ્ય, ત્રણ કાળને,
ગીતા એ રીત સર્જો કે સાંકળી લે પરસ્પરે. ૭

હાર્દ જીવનનું જેવું છે અનુભવ્યું જીવને,
તેને ગીતા અનુલક્ષી સંવેદો યોગ્ય જીવવા. ૮

ઉગ્ર જીવન કેરા આ સંગ્રામ ભેટવા ખરો,
તત્પરતા શી ગીતા તો શીખવે, શૌર્ય દાખવી ! ૯

હારેલા ને પડેલા જે નિરાશાવાદીને જગે,
મથે ઉઠાડવા ગીતા, સંગ્રામ ઝીલવા હૃદે. ૧૦

હર્ષે સંગ્રામ સત્કારે, હાર્દ સંગ્રામનું પ્રીછી,
હેતુ સંગ્રામનો જાણી, સંગ્રામ જીતવા ચહી. ૧૧

ન્યોછાવર થવાતાં જ્યાં ઊગે ઉમળકો હૃદે,
શી ફનાગીરી તેવાની ધન્ય થાય જ જીવને ! ૧૨

અનંત જીવને તેવા વધ્યા આગળ શા કરે !
જાણતા રે' નવું નિત્યે ચાલતાં ચાલતાં પથે. ૧૩

ક્યાંયે અટકવાનું ના ધપ્યાં તે કરતો જતો,
વિકાસપંથ કેરી શી ફલાંગો તે ભર્યાં જતો ! ૧૪

નવા નવા પ્રદેશો શા એને જ્ઞાનતણા જડે !
એવા એમાં રહે કેવા આનંદે મશગૂલ તે ! ૧૫

કિરણો સત્યનાં કેવાં અનંતાનંત શોભતાં !
જુદાં જુદાં છતાં એક, પ્રત્યેકનો પ્રકાશ છે. ૧૬

દર્શન-હાર્દ ગીતાના પૂર્ણ સમગ્રતાતણું,
દાવો થયાતણો કોઈ શકે ના કરી જાણજો. ૧૭

જાણવું જુદું ને જુદું આનંદે તેમ મ્હાલવું,
માણતાં, મ્હાલતાં સત્ય નવા નવા રૂપે ખડું. ૧૮

જે કૈં મેળવવું હોય તેને પ્રાપ્ત થવા ઊંડું,
મથવાનું જરૂરી છે જાણજો નિશ્ચયે ખરું. ૧૯

ગુણ-ભાવ વિના કોઈ કશું ના મેળવી શકે,
ગુણ-ભાવ ભૂમિકામાં હોવો જરૂરી શો ઘટે ! ૨૦

ગુણ ને ભાવ હોવાનાં લક્ષણો જીવને ખરાં,
ચોંટી તેવા ન રૂહે ક્યાંયે, ચાલતો મથતો સદા. ૨૧

મથવ્યે, જન્મતો રૂહે શો ભાવ મર્દાનગીતણો !
એક ગુણ બીજો ગુણ જન્માવે છે જ જીવને. ૨૨

શૂરા મર્દ મથે છે ને ના તે દે મૂકી હારતાં,
હારતાં હારતાં પોતે માથું મૂકી કરે લડ્યાં. ૨૩

દ્વાર ખોલાવવા પોતે દ્વાર ઠોક્યાં કરો સદા,
તેવાને દ્વાર તો ખુલ્લાં આપોઆપ જ શાં થતાં ! ૨૪

એકલપંથી મર્મી શા તેવા હાર્દ પિછાનતા !
ગીતાને તે નવો સ્વાંગ યોગ્ય સજાવવા ખરા. ૨૫

*('જીવનગીતા', આવૃત્તિ ચોથી, પૃ. ૪૩-૪૫)*

પૂજ્ય શ્રીમોટા અધ્યાત્મવિજ્ઞાની હતા. એમણે પોતાના સાધનામય જીવન દરમિયાન જે જે અનુભવકક્ષાઓ સિદ્ધ કરી હતી એના નિમિત્ત યોગે જે પ્રયોગો કરવાના આવ્યા એ પ્રયોગ કર્યા છે અને પોતાના સમગ્ર જીવનની સાધનાનું હાર્દ તેઓશ્રીએ આવા પ્રયોગો દ્વારા પ્રગટ કર્યું છે. પૂજ્ય શ્રીમોટાની આ એક અનોખી વિશેષતા છે.

૧૯૩૯માં તેઓશ્રીને અદ્વૈતનો-એટલે કે પોતાના ચેતનસ્વરૂપની સર્વવ્યાપકતાનો અનુભવ થયો એ પછી, પોતાની માની અંતિમ ઘડીએ, તેઓશ્રી બનારસમાં હતા, છતાં નડિયાદમાં સદેહે પ્રગટ થયા હતા. પોતાના આવા અનુભવને તેઓશ્રીએ પ્રભુની કૃપાનો મહાન અનુભવ ગણાવ્યો છે. પોતાની સ્થળાતીત અનુભવાવસ્થાનો અને પ્રાર્થનાની અદ્‌ભુત શક્તિનો એક મહાન પ્રયોગ કર્યો હતો. આવા તો બીજા અનેક પ્રયોગો તેઓશ્રીએ વ્યક્ત પણ કરેલા છે. અધ્યાત્મપુરુષ ક્યારેય આવા પ્રયોગો કરતા નથી, પરંતુ જ્યારે એવું નિમિત્ત ઊભું થાય ત્યારે એ સહજ રીતે થાય છે એ ખાસ ધ્યાન રાખવાનું છે. કોઈ એક નિમિત્તને લીધે જે બન્યું હોય એવું બીજાને માટે પણ બને જ એવો અધ્યાત્મવિજ્ઞાનમાં નિયમ નથી. આ સર્વ સામાન્ય જીવોએ ધ્યાનમાં રાખવાની ખાસ જરૂર છે.

પૂજ્ય શ્રીમોટા સાધનાથી જે પ્રકારના અનુભવો પામ્યા હતા એવા અનુભવો અન્ય નિમિત્તને પણ કરાવી શકતા હતા એ એમની અધ્યાત્મસિદ્ધિની વિશિષ્ટતા છે. **પૂજ્ય શ્રીમોટાની સાધનાનું આરંભનું સાધન નામસ્મરણ હતું. ઉત્તરોત્તર એ સાધનની સૂક્ષ્મતા તેઓશ્રી પામ્યા હતા.** તેઓશ્રીના સંપર્કમાં આવેલા જીવાત્માઓમાં આ સાધન સહજ રીતે થયે જતું ઘણાએ અનુભવ્યું છે અને એ સાધનની શક્તિથી કેવાં કેવાં પરિણામો અનુભવાય છે એ પણ તારવાયાં છે. આવા પ્રયોગોના પુરાવા જૂજ છે. એમાં સ્વ. બાબુભાઈ તમાકુવાળાના જીવનમાં થયેલો પ્રયોગ તેઓશ્રીના પત્રોમાં જળવાઈ રહ્યો છે એ આપણા સૌના આનંદની વાત છે.

સ્વ. બાબુભાઈને મેનેન્જાઈટીસનો જીવલેણ વ્યાધિ થયો હતો. નામસ્મરણની શક્તિથી એ એમાંથી કેવી રીતે ઊગર્યા એનો આછોપાતળો પણ પ્રેરક ઈતિહાસ પૂજ્ય શ્રીમોટાના આ પત્રોમાં છે. તમાકુવાલા પરિવારના સભ્યોએ આ પત્રો જાળવી રાખ્યા એનું સારું પરિણામ આવ્યું. આ નાનકડા પુસ્તકમાં એ પત્રોનું સંપાદન થઈ શક્યું છે. તેથી પૂજ્ય શ્રીમોટાના આવા અદ્‌ભુત પ્રયોગનો એક દસ્તાવેજી પુરાવો પ્રગટ થાય છે.

આ પત્રો દ્વારા પૂજ્ય શ્રીમોટાના અનુષ્ઠાનથી તથા સ્વ. બાબુભાઈ તથા એમના પરિવારના સહયોગથી બાબુભાઈની જિંદગી બચાવી લેવાઈ છે. એટલું જ નહિ પણ સ્વ. બાબુભાઈની એ પછીની જિંદગી પ્રભુસ્મરણમાં વળી એ પણ આશ્ચર્યજનક ઘટના છે. **જન્મ પામનાર દરેકનું મૃત્યુ તો નિશ્ચિત છે, પરંતુ જે અનુભવી પુરુષ સ્થળાતીત અને કાળાતીત અનુભવમાં પ્રતિષ્ઠિત હોય તે આવા કો'ક નિમિત્તયોગે, કાળને લંબાવી શકવા સમર્થ છે.** જો કે આવા પ્રયોગ માટે પણ કેટલીક શરતો છે. આ પત્રો પરથી એ સમજી શકાશે. આથી સ્વ. બાબુભાઈ તથા એમના પરિવાર પરના પત્રોના આ પુસ્તકનું નામ **'સમય સાથે સમાધાન'** રાખ્યું છે.

પૂજ્ય શ્રીમોટા પ્રત્યે કોઈપણ નિમિત્તે રાગ, મોહ, સ્નેહ, ભાવ રાખનાર વ્યક્તિની, તેઓશ્રી કેટલી બધી સંભાળ રાખે છે એ પણ આ પત્રોમાં વ્યક્ત થઈ છે. કુટુંબમાં સુમેળ કેવી રીતે રહે, વેપારમાં

ભાગીદારો સાથે કેવી રીતે વર્તવાથી લાભ થાય, બાળકોની શક્તિની કદર કરવાથી એમનો કેવો વિકાસ થાય વગેરે અનેક ઉપયોગી બાબતો પણ પૂજ્ય શ્રીમોટાએ સમજાવી છે. આ રીતે આ પુસ્તકનું મૂલ્ય પણ નોંધપાત્ર ગણાય.

સ્વ. બાબુભાઈના ભાઈ શ્રી નટવરભાઈ તથા શ્રી મોહનભાઈએ આ પત્રો જાળવી રાખ્યા અને એના પ્રકાશન માટે સંપાદકને આપ્યા એથી સમાજને લાભ થવાનો છે અને પૂજ્ય શ્રીમોટાના ચાહકોને પણ નામસ્મરણના સામર્થ્યને પામવા માટેનું મોટું બળ મળી રહેશે.

**અંતે તો પૂજ્ય શ્રીમોટાનાં લખાણો દ્વારા નામસ્મરણના સાધન સાથે આપણા રોજિંદા જીવનમાં સદ્ભાવ, સુમેળ, ત્યાગ, ઉદારતા કેવી રીતે કેળવાય એ જ આવા પ્રકાશનોનું સાચું પરિણામ છે.**

પૂજ્ય શ્રીમોટાના પ્રગટ વિપુલ પત્રસાહિત્યમાં આ પુસ્તક પણ નોંધપાત્ર ઉમેરણ બને છે.

વલ્લભ વિદ્યાનગર - **નંદુભાઈ શાહ**

તા. ૧-૯-'૯૩

***('સમય સાથે સમાધાન', પ્ર.આ., પૃ. ૧૬-૧૭)***

**અનુસંધાન પેજ નં. ૧૧ પરથી...**

પ્રભુની અકળ લીલા સમજાતી નથી, તે કેવી રીતે કોની શી કસોટી કરે છે, તે આપણને કેવી રીતે સમજાય ? ભગવાનનું નામ લેવું એ ખાંડાના ખેલ નથી એવું જે કહેવાય છે તેનો આવો પ્રસંગ બને ત્યારે જ આપણને ખ્યાલ આવે અને જેમના જીવનમાં આવા પ્રસંગો બન્યા છે તેવા મહાનુભાવો આપણી વચ્ચે છે તે આપણા સદ્ભાગ્યની વાત ગણાય.

જ્યારે ન જવાય એવી જગાએ આપણાથી જવાનું બને, જ્યારે માણસના દર્શન દુર્લભ હોય એવે સ્થળે કોઈ આપણને ખાવાનું આપી જાય એવું બને, ત્યારે આપણે કેટલા સાહસિક છીએ, કેવા હિંમતવાળા છીએ, આપણામાં કેટલી સહનશીલતા છે અને આપણામાં કેવી ખુમારી છે તેની જાણ થાય છે. સાથે સાથે પ્રભુની આપણી ઉપર કેટલી કૃપા છે તેની પણ આપણને પ્રતીતિ થાય છે.

કવિ નર્મદની એક કવિતા છે, 'યા હોમ કરીને પડો ફત્તેહ છે આગે.' પ્રભુને માર્ગે શું કે જીવનને માર્ગે શું, જો ફત્તેહ પામવી હશે તો યા હોમ કરવું જ પડશે. શ્રીમોટાએ એ રીતે જ ફત્તેહ મેળવી છે એટલું આપણે યાદ રાખીએ.

***('તરણામાંથી મેરુ', આ.-૩, પૃ. ૧૦૫-૧૦૭)***

## 'હરિ:ૐ ગુંજન'ને ભેટ

| | | |
|---|---|---|
| (૧) | વિઠ્ઠલભાઈ ઈશ્વરભાઈ પટેલ (બોદાલ) | રૂ. ૧૧,૧૧૧/- |
| (૨) | પાયલ વિશ્વભાઈ પટેલના લગ્નપ્રસંગ નિમિત્તે | રૂ. ૧૧,૦૦૧/- |
| (૩) | દિલીપભાઈ ગોસાઈ (ચાંગા) | રૂ. ૫,૫૫૫/- |
| (૪) | દુર્ગેશભાઈ જોષી (હિંમતનગર) | રૂ. ૫,૦૦૦/- |
| (૫) | મનિષાબેન ધવલભાઈ આચાર્ય (અમદાવાદ) | રૂ. ૫,૦૦૦/- |
| (૬) | મૃદુલાબેન એમ. મુખી (અમદાવાદ) | રૂ. ૧,૦૦૦/- |
| (૭) | સ્વ. ચંચળબેન નાથાભાઈ દેસાઈ (અમદાવાદ) | રૂ. ૫૦૧/- |

**ઉપરોક્ત સર્વે સ્વજનોના અમે આભારી છીએ.**

**ના વજ્રહૈયું પ્રભુ ! આપનું છે, તે પુષ્પથીયે સુકુમાર તો છે;**
**નિર્દંભ મારી કથની સુણીને તે ના દ્રવે એમ ન સંભવે છે. ૪૫**

**[હે] પ્રભુ ! આપનું વજ્ર હૈયું ના છે, તે તો પુષ્પથીયે સુકુમાર છે; મારી [આ] નિર્દંભ કથની સુણીને તે ના દ્રવે એમ ન સંભવે છે.**

**અસંખ્ય કર્ણો પ્રભુ ! આપના જો મારી સુણો સત્વર પ્રાર્થનાઓ;**
**અનંત નેત્રો થકી જો નિહાળો મારા પરે સ્નેહની મીટ માંડો. ૪૬**

**[હે] પ્રભુ ! જો આપના અસંખ્ય કર્ણો છે તો [તમે] મારી પ્રાર્થનાઓ સત્વર સુણો; જો [તમે] અસંખ્ય નેત્રો થકી નિહાળો [છો] [તો] મારા પરે [પર પણ] સ્નેહની મીટ માંડો.**

આ શ્લોકમાં ગુરુને કરુણાસાગર દર્શાવવામાં આવ્યા છે, પરંતુ આ સાથે ગુરુ આગળ દંભનો ત્યાગ કરી ખુલ્લા થવાની વાત આ અગાઉ જોયેલી કડીઓની માફક કે એના અનુસંધાનમાં કરવામાં આવી છે. ‘આત્મજ્ઞાનનો અધિકારી’ એ શીર્ષકથી ભટ્ટ સાહેબ દ્વારા લખાયેલા એક લેખમાં બ્રહ્માનંદરચિત કેટલાક શ્લોક ભટ્ટ સાહેબ ટાંકે છે જેમાં બ્રહ્માનંદ કહે છે : “હે પ્રભુ ! મારામાં વિવેક અને વૈરાગ્ય નથી, શમ, દમ વગેરે ષડ્ સાધન-સંપત્તિ નથી, મોક્ષ પામવાની ઈચ્છા નથી તો મને વિશુદ્ધ જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થાય ? આથી સંસાર-સમુદ્રને તરી જવાના માર્ગનો ઉપદેશ આપતો તું જ કૃપા કરી મને આત્મજ્ઞાન આપ.”

આની અંદર ઊંડી વાત એ છે કે ભગવાન સમક્ષ - ગુરુ સમક્ષ ખુલ્લા થઈને ગુરુ આત્મજ્ઞાનનું પ્રદાન કરે તેવી પ્રાર્થના શિષ્ય ગુરુ સમક્ષ કરે છે. આનાથી સાચી વિનમ્રતા - અહંભાવનો અભાવ અને ભગવત્કૃપાના રહસ્યની ઊંડી સમજણ વ્યક્ત થાય છે. ગુરુ પ્રત્યે સમર્પણના ભાવથી કરેલી પ્રાર્થનાથી જ્ઞાનનાં સાધનોની પ્રાપ્તિ અને આધ્યાત્મિક વિકાસ થાય છે. સાધનો પ્રાપ્ત થયા પછી પણ તેમાં પ્રગતિ થાય અને માર્ગ ચૂકી ન જવાય તે માટે ગુરુની કૃપા વિના ચાલે તેમ નથી. ભટ્ટ સાહેબ લખે છે કે ઈશ્વર પ્રત્યે સાધકનો પરમ અનુરાગ પ્રગટ થતાં ઈશ્વર જ તેને જ્ઞાનનું પ્રદાન કરે છે. આનું રહસ્ય ભગવદ્ગીતામાં આ પ્રમાણે વ્યક્ત થયું છે : ‘જેઓ મારામાં ચિત્તને સતત જોડી રાખે છે અને મને પ્રેમપૂર્વક ભજે છે તેમને હું જ્ઞાનયોગ [સ્વરૂપજ્ઞાન] આપું છું જેથી તે મને પામે.છે.’

ભટ્ટ સાહેબ ૪૬મા શ્લોકમાં લખે છે : “અસંખ્ય કર્ણો પ્રભુ ! આપના જો મારી સુણો સત્વર પ્રાર્થનાઓ;” ભટ્ટ સાહેબની આ પ્રાર્થનાના સંદર્ભમાં મને શ્રી રામકૃષ્ણ પરમહંસે કહેલી એક વાતનું સ્મરણ થાય છે. એક દર્શનાર્થીએ પ્રશ્ન કર્યો : “ભગવાન આપણી પુકાર સાંભળે ખરો ?” ત્યારે જવાબમાં શ્રી રામકૃષ્ણે કહ્યું : “ભગવાન તો કીડીના ઝાંઝરનો અવાજ પણ સાંભળે છે !” અલબત્ત આ માટે શિષ્યે અંદર તરફ વળવું પડે છે. બહિર્મુખતા જેટલી ઓછી થાય એટલી તમને પ્રભુની હાજરીનો અનુભવ થાય છે. મન જો બહિર્મુખ થાય તો વિષયો તરફ વળે છે અને અંતર્મુખ થાય તો આત્મા તરફ - ઈશ્વર તરફ વળે છે. ભટ્ટ સાહેબ લખે છે : “મારી સુણો સત્વર પ્રાર્થનાઓ !” "More things are brought by prayer than this world dreams of." એ અંગ્રેજી પંક્તિને ટાંકીને શ્રીમોટા લખે છે : “મને પોતાને તો અનુભવે આ વાત સાચી લાગી છે. બહિર્મુખતા ટાળવા કાજે, અહંકારને દૂર કરવામાં, વિપરીત પરિસ્થિતિમાં ટકી રહેવામાં, પળેપળની જાગૃતિ કેળવવામાં, આપણી અંદરના ષડ્રિપુઓને કાબૂમાં લાવવામાં, મનની શાંતિ, પ્રસન્નતા, સમતા, ધીરજ જેવા આત્મ-વિકાસમાં જરૂરી એવા ગુણો કેળવવામાં પ્રાર્થના અનિવાર્ય એવી સહાય પૂરી પાડે છે.” શ્રી મકરંદ

દવે લખે છે : ''પ્રાર્થનાઓનો જવાબ મળે જ છે, અંતરમાંથી ઊઠતો નાદ પરમાત્મા સાંભળે જ છે. પ્રાર્થના એ સત્યમ્, શિવમ્, સુંદરમ્ તરફ જવાની ગતિ છે.'' પ્રાર્થના વિશે ઘણું કહી શકાય તેમ છે પરંતુ અંતે મહર્ષિ અરવિંદના આ વિધાન સાથે અટકીશું : ''શરૂઆતમાં પ્રાર્થનાએ ઝંખેલી વસ્તુઓ, 'અર્થ', 'સ્વાર્થ' વધારે ને વધારે ઊર્ધ્વ જાતનાં થતાં જાય છે અને છેવટે અન્ય કોઈ પણ ઝંખના કે માગણી વિનાની શુદ્ધ, સરળ, દિવ્ય પ્રેમરૂપ, સર્વોચ્ચ, નિષ્કામ, નિઃસ્વાર્થ ભક્તિ બની જાય છે.''

•

**અસંખ્ય જન્મો મુજ જે થયેલા તેમાં નિમિત્તો પ્રભુ ! ઉદ્‌ભવ્યાં શાં ?**
**જોડાયેલો કો'ક રસાનુબંધે, જેથી કૃપાભાજન જીવ આ છે. ૪૭**

**મુજ જે અસંખ્ય જન્મો થયેલા તેમાં [હે] પ્રભો ! શાં નિમિત્તો ઉદ્‌ભવ્યાં ? [= કારણરૂપ બન્યાં હશે ?] આ જીવ કો'ક રસાનુબંધે [= પ્રેમના સંબંધે] જોડાયેલો હશે જેથી કૃપાભાજન [= કૃપાપાત્ર] [થયો] છે.**

ભટ્ટ સાહેબ લખે છે : ''નિમિત્ત એ પૂર્વે કરેલાં કર્મોના સંસ્કારોનું પરિણામ છે. સંસ્કારો નિમિત્તનું બીજ છે. કર્મસંસ્કારોથી જાગતા નિમિત્તને કારણે આ જગતમાં વ્યક્તિઓનું પરસ્પર સંકળાવવાનું બને છે. વ્યક્તિસંબંધોમાં રાગદ્વેષનાં નિમિત્ત ઊભા થતાં સંસારી જીવો તેના પ્રતિભાવથી વર્તી તેમાં ભેરવાય છે, રાગદ્વેષ વગેરેથી લેપાય છે. આથી બીજાં એવાં અનંત રાગદ્વેષનાં નિમિત્તો જન્મે છે, જે અસંખ્ય જન્મોનાં કારણ બને છે.'' શ્રી વિમલાબહેન ઠકાર કહે છે.: ''સંબંધો રાગદ્વેષ વચ્ચે લાવ્યા વિના જીવી જવાય તો જે વાસનાને કારણે જન્મ લેવો પડ્યો છે તેનું નિર્મૂલન થઈ જાય છે.'' ભટ્ટ સાહેબ લખે છે : ''જે શ્રેયાર્થી જીવ [પ્રભુ તરફ અભિમુખ થયેલો] છે તે તેમાં ભેરવાઈ જતો નથી. પ્રાપ્ત નિમિત્તને તે આત્મકલ્યાણનો ભાવ પ્રેરવાનું સાધન માને છે. આવા શ્રેયાર્થીને પોતાનો આત્મા પ્રગટ થવા માટે કોઈ અવરોધબળ રહેતું નથી, ત્યારે તેને આત્મતત્ત્વનું દર્શન થાય છે.''

જે અનુભવી - જીવનમુક્ત પુરુષ છે તે જીવોને આત્મકલ્યાણકનું ધ્યેય પ્રાપ્ત કરાવવામાં, હરિ પ્રત્યે અભિમુખ કરવામાં, ભગવાનનું નિમિત્તમાત્ર એટલે કે સાધન અથવા કરણ બને છે. આવા અનુભવી સાથે શ્રેયાર્થીનો જીવતો જાગતો હાર્દિક સંબંધ સ્થપાતાં જીવોને પોતાના જીવન દરમિયાન આપમેળે જ તે સંબંધનું પ્રત્યક્ષ પરિણામ જણાયા વિના રહેતું નથી. પૂર્વ જન્મોમાં કે આ જન્મમાં આવા મુક્તપુરુષ સાથે જોડાયેલા જીવનો વહેલો-મોડો ઉદ્ધાર થયા વિના રહેતો નથી. આવા મહાપુરુષ સાથે કોઈ ને કોઈ નિમિત્તથી જોડાયેલા જીવને ભટ્ટ સાહેબ 'કૃપાભાજન જીવ' કહે છે. કારણ કે શ્રીમોટાએ કહ્યું છે તે પ્રમાણે જો આવો અનુગ્રહ પ્રાપ્ત જીવ આ જન્મે Struggle કરે, મથે Sincerely, honestly અને devotionaly તો એનું પરિણામ આવે. શ્રીમોટાના ગુરુમહારાજ કહેતા કે ત્રણ જન્મોમાં આવો જીવ પોતે અનુભવી થઈ જાય.

ભટ્ટ સાહેબના ઉપરોક્ત શ્લોકમાં જબરજસ્ત ઊંડાણભર્યો અર્થ રહેલો છે. સાક્ષાત્કાર પછી શ્રીમોટાનું જીવન એ 'નિમિત્તોનું જીવન' રહ્યું હતું. આ નિમિત્ત જીવન એટલે તેઓશ્રીના અગાઉનાં જન્મોના અનેક જીવો સાથેના સંબંધવાળું જીવન. આવા અનેક જીવોને ભગવાન પ્રત્યે અભિમુખ કરવાના એકમાત્ર હેતુથી શ્રીમોટાએ વિલક્ષણ વ્યવહારો કર્યા છે. શ્રીમોટા કહે છે : ''અનુભવી નિમિત્ત દ્વારા પોતાની કામગીરી બજાવે છે. અનુભવી નિમિત્ત દ્વારા અનેક જીવોના સંપર્કમાં આવતો હોય છે. જેમ ચેતન સર્વત્ર ફેલાયેલું છે તેમ અનુભવી જુદા જુદા જીવોમાં નિમિત્ત દ્વારા ફેલાય છે.''

''અનુભવીને પ્રારબ્ધકર્મ નથી પણ એની સાથે મળેલાનું પ્રારબ્ધકર્મ હોય છે. બીજાનું પ્રારબ્ધકર્મ પેલા અનુભવી સાથે સંકળાયેલું હોય છે. કારણ કે એ તો અનંત જન્મો લઈને આવ્યો હોય છે. હવે અનુભવી થઈ

ગયો ભલે, પણ એની સાથે તો બધાં જીવો હતા, પહેલાના અને આજના - તે બધાની સાથે પ્રારબ્ધકર્મ છે. બીજાને પેલાને [અનુભવીને] ભલે ન હોય, પેલાને [અનુભવી સાથે સંકળાયેલા જીવોને] - બીજાંને બધાંને છે.'' આથી જ ભટ્ટ સાહેબ લખે છે : ''જોડાયેલો કો'ક રસાનુબંધે, જેથી કૃપાભાજન આ જીવ છે.''

•

**તમે રસાંભોનિધિ નાથ ! મારા, મારી તૃષા તો શમવો નહિ કાં ?**
**સામર્થ્ય સંપૂર્ણ થકી ભરેલા, આ પાત્ર ખાલી, નવ તે ભરો કાં ? ૪૮**

**[હે] મારા નાથ ! તમે રસ-અંભોનિધિ [= રસ-સાગર] [છો] તો [પછી] મારી તૃષા કાં શમવો નહિ ? [તમે] સંપૂર્ણ સામર્થ્ય થકી ભરેલા [છો], આ પાત્ર ખાલી છે, તે [= તેને] કાં નવ ભરો?**

ભટ્ટ સાહેબના આ શ્લોકમાંથી 'તૃષા' અને 'પાત્ર' આ બે શબ્દોની વિચારણા આપણે કરીશું. તૃષા છે તો એને શેને માટેની છે ? ભૌતિક બાબતોની કે આત્માની ઉપલબ્ધિ માટેની ? અહીં મુમુક્ષુ પ્રભુને પામવાની તૃષાની વાત કરે છે. પહેલી મહત્ત્વની વાત એ છે કે આ માટેની ન રહી શકાય તેવી તરસ લાગવી જોઈએ. સંસારના ભોગોમાં રચ્યા પચ્યા માણસને પ્રભુની પ્યાસ ક્યાંથી લાગે ? એટલે પહેલી આવશ્યકતા છે પ્રભુપ્રાપ્તિની ઈચ્છા. માત્ર ઈચ્છા જ નહિ એ માટેની તલપ. મારા પિતાજી ભટ્ટ સાહેબ ઘણીવાર વાતચીતમાં મને કહેતાં : ''કાર્તિક, કોઈને ભગવાન જોઈતો જ નથી.'' શ્રી શ્રીમા આનંદમયીના અંતેવાસી સ્વામી શ્રી ભાસ્કરાનંદજી મને કહેતા : ''કાર્તિકભાઈ સંસારના પ્રશ્નો અને સમસ્યાઓ લઈને જ બધા મારી પાસે આવે છે. ભાગ્યે જ કોઈ પ્રભુપથની જિજ્ઞાસા લઈને આવે છે.'' એટલે પહેલી આવશ્યકતા છે સાચી તરસ લાગવી જોઈએ. જો સાચી તરસ લાગે તો એની તૃપ્તિ કરનારો ન મળે એ બની જ ન શકે. શ્રી વિમલાબહેન ઠકારે બહુ જ સુંદર સમજૂતી આપી છે. તેઓ કહે છે : ''જેને ઊર્ધ્વદૃષ્ટિ કરીને જીવનનું ચરમ સત્ય શું છે તે જોવું છે, એવી ઈચ્છા, એવી લાલસા, વાસના-વાસના શબ્દ શુદ્ધ અર્થમાં લેજો, વિકૃત અર્થમાં નહિ- જો અંદર જાગી ઊઠે તો સત્યોન્મુખ વ્યક્તિ કદી એકલી પડતી નથી... જિજ્ઞાસા [તૃષા] ની ગંભીરતા અને ઉત્કટતા તમારા અવસરો અને વ્યક્તિની સાથે આવશ્યક સંયોગ કરાવી આપશે. એ મિલન આગળ કદમ વધારવામાં તમારી સહાયતા કરશે.''

હવે લઈએ પાત્ર શબ્દઃ ખાલી પાત્ર, આ પાત્રને ગુરુદેવની કૃપા થકી, આશીર્વાદ થકી ભરવાની વાત છે. આ સંદર્ભમાં બે પ્રસંગો રજૂ કરવાની રજા લઉં છું. એકવાર મારાં માતૃશ્રી અને મારા પિતાશ્રી ભટ્ટ સાહેબનાં પત્ની અનસૂયાબહેને મારી હાજરીમાં શ્રીમોટાને કહ્યું : ''મોટા ! કાંઈક આપવાની કૃપા કરો.'' ત્યારે શ્રીમોટાએ હસતાં હસતાં મારા માતાજીને કહ્યું : ''મફતમાં કશું મળે નહિ. બજારમાં કોથમિર લેવા જાઓ તો તેના પણ [એ જમાનાના ભાવે] પાંચ પૈસા આપવા પડે છે.'' આમ પાત્રને કૃપા થકી ભરવા માટેની પાત્રતા પણ કેળવવી પડે છે.

એકવાર શ્રી રમણ મહર્ષિના એક વકીલ ભક્તે મહર્ષિને ફરિયાદ કરી : ''મારા કરતાં વિશેષ કૃપા તમારા પેલા અંગ્રેજીના પ્રાધ્યાપક પર છે એમ શાથી.?'' જવાબમાં શ્રી રમણ મહર્ષિએ દર્શાવ્યું : ''કોઈ નાનો પ્યાલો લઈને આવે તો એને એટલું મળે અને કોઈ મોટો જગ લઈને આવે તો એને એટલું મળે !'' આમ આધાર પાત્ર અને પાત્રની પાત્રતા પર રહેલો છે. શ્રી શ્રીમા આનંદમયી ઘણીવાર કહેતાં : ''પ્રભુની કૃપા તો સૌ પર એક સરખી રીતે વરસી રહી છે, પરંતુ કાં તમારું પાત્ર ઊંધું છે કાં તે કાણું છે. તેથી કૃપારૂપી પ્રસાદી પાત્રમાં ટકી શકતી નથી.'' આમ વ્યક્તિરૂપી પાત્રની ગ્રહણશક્તિ ઉપર ગુરુની કૃપાનો આધાર રહેલો છે.

અહીં મહામહોપાધ્યાય શ્રી ગોપીનાથ કવિરાજના ગુરુ, સૂર્યવિજ્ઞાનના પ્રખર જ્ઞાતા મહાયોગી શ્રી વિશુદ્ધાનંદજીએ કહેલી વાત નોંધવા યોગ્ય છે. તેઓ કહે છે : ''સૂર્યનો સ્વભાવ પ્રકાશ આપવાનો છે. પરંતુ આંધળા માણસને એ પ્રાપ્ત થતો નથી. એ જ રીતે ભગવત્‌કૃપા સર્વ પર છે. સત્‌કર્મ કરવાથી કૃપાની અનુભૂતિમાં

વાર લાગતી નથી. પુરુષાર્થ અને ભગવત્કૃપા પરસ્પર સાપેક્ષ છે. કર્મ કરતાં કરતાં યોગ્ય સમયે કૃપાનું અવતરણ અવશ્યંભાવિ છે. કર્મ દ્વારા દેહાધ્યાસ દૂર થવાથી જીવને કૃપાની અનુભૂતિ થવા લાગે છે.''

'કૃપારહસ્ય' નામના એક લેખમાં ભટ્ટ સાહેબ લખે છે : ''કેટલીકવાર કૃપાથી જ કૃપાની ભૂમિકા રચાય છે, તે હકીકત અદ્ભુત છે. કૃપાને માગવાની નથી; તે છે જ. તેના પ્રત્યે અભિમુખ થવાય, તેને માટે ગરજ જાગે તો તે હાજર થાય છે. કૃપા થતાં પ્રસન્નતા, આનંદ અને શાંતિનો અનુભવ થાય છે. કૃપામાંથી એવી માનવજ્યોત નીકળે છે જેથી જીવન નવપલ્લવિત થાય છે. કૃપા હરિ સાથેના એકત્વનો પણ અનુભવ કરાવે છે.'' પૉંડિચેરી શ્રી અરવિંદાશ્રમનાં ડિવાઈન મધર કહે છે : ''કૃપા તમને સાક્ષાત્કાર પ્રત્યે ઝડપથી દોરી જાય છે. કૃપા પામવા માટે સરળ બનો, સાત્ત્વિક બનો, અભીપ્સા સેવો, શરણાગતિ સ્વીકારો, સદાય શ્રેય પ્રત્યે અભિમુખ રહો, પ્રેય પ્રત્યે નહિ.''

•

**જે બ્રહ્મ સર્વાંતરમાં રહ્યું છે તે સર્વનું મિત્ર ખરેખરું છે**
**ને બ્રહ્મરૂપી નિજ સદ્ગુરુ એ સાચા સખા ભક્તજનો તણા છે. ૪૯**

**જે બ્રહ્મ સર્વ-અંતરમાં [= હૃદયમાં] રહ્યું છે તે સર્વનું ખરેખરું મિત્ર છે; ને બ્રહ્મરૂપી નિજ સદ્ગુરુ એ ભક્તજનો તણા સાચા સખા [છે.]**

**શાસ્ત્રો કહે, સિદ્ધજનો વદે છે, કે સંત ને ઈશ્વર ના જુદા છે;**
**હે ઈશ ! મારા હૃદયે પ્રકાશી દોરો તમે આ રથ શીઘ્રતાથી. ૫૦**

**શાસ્ત્રો કહે છે, સિદ્ધજનો વદે છે કે સંત અને ઈશ્વર જુદા ના છે; [તેથી] હે ઈશ.! મારા હૃદયે પ્રકાશી[ને] તમે આ રથ[ને] શીઘ્રતાથી દોરો.**

બ્રહ્મરૂપી સદ્ગુરુ ભક્તોના સાચા સખા-મિત્ર-સુહૃદ્ છે. આ જે સંબંધ છે એ નિત્યસંબંધ છે. શ્રી ગોપીનાથ કવિરાજ 'અમરવાણી' પુસ્તકમાં લખે છે : ''જે કંઈ રૂપમાં ભક્ત અને ભગવાનનો સંબંધ હોય તે નિત્ય અને કાલાતીત છે. પિતા પુત્રને રૂપે, દાસ પ્રભુને રૂપે, ગુરુ શિષ્યને રૂપે, સખા સખાને રૂપે અથવા પ્રિયા પ્રિયાને રૂપે તેમની સાથે જીવનો સંબંધ નિત્ય છે.

કવિરાજ સમજાવે છે : ''સંસારની આ અવસ્થામાં આત્મવિસ્મૃતિને કારણે એ નિત્ય સંબંધ પણ અનિત્ય રૂપે પ્રતીત થાય છે. કેવળ એટલું જ નહિ, સંબંધનું અસ્તિત્વ પણ લુપ્તપ્રાય થઈ જાય છે. એમ લાગે છે કે સંબંધભંગ થઈ ગયો અથવા સંબંધ કોઈ કાળે હતો પણ નહિ. પરંતુ લીલામાં આ પ્રકારે પ્રતીત થવા છતાં પણ વાસ્તવમાં સંબંધ લાંબા સમય માટે અક્ષુણ્ણ છે, અને અક્ષુણ્ણ જ રહે છે. સંબંધનો વિલોપ થતો નથી.'' કેટલીક વાર એવું બને છે કે સંતમહાત્મા શ્રેયાર્થીને સજાગ રાખવા માટે કંઈક અમુક પ્રકારનું બોલતા હોય છે. બહુ વર્ષો પહેલાંની વાત છે. શ્રીમોટા જ્યારે અમારે ઘેરથી કારમાં બેસીને વિદાય થતા હતા ત્યારે મેં શ્રીમોટાને કહ્યું : ''મોટા દોસ્તી રાખજો.'' ત્યારે તરત જ શ્રીમોટા બોલ્યા : ''ભાઈ તમે રાખશો તો હું રાખીશ.'' વાસ્તવમાં આવા મહાપુરુષો ક્યારેય સાથ છોડતા નથી. આનું સર્વોત્તમ ઉદાહરણ અર્જુન અને શ્રીકૃષ્ણ છે.

આવા સંબંધની અંતિમ અવસ્થાની વાત કરતાં શ્રી ગોપીનાથજી લખે છે.: ''એવી પણ સ્થિતિ છે જેમાં ભક્ત અને ભગવાન બન્ને જ, ભાવ વિલુપ્ત થતાં, સંબંધોનો પ્રશ્ન જ ઊઠતો નથી. આ ભાવાતીત અવસ્થાની વાત છે. એટલે જ એક બાજુ એ ચીર પુરાતન, એટલે સુધી કે સનાતન તથા કાલાતીત છે, તો બીજી બાજુ એ પ્રતિક્ષણે નવીનરૂપે પ્રતીત થાય છે. બન્ને સમાનરૂપથી સત્ય છે. સંબંધ છે અને શાશ્વતકાળ રહેશે એ પણ સત્ય. વળી સંબંધનો પ્રશ્ન જ નથી કારણ કે એક અદ્વિતીય સત્તા જ પોતાના પ્રકાશથી સર્વદા પ્રકાશમાન છે.''

ભટ્ટ સાહેબ લખે છે : ''બ્રહ્મ સર્વ અંતરમાં [હૃદયમાં] રહેલું છે.'' શ્રી રમણ મહર્ષિ કહે છે : ''બ્રહ્મ, આત્મા, પરમાત્મા, ચૈતન્ય સર્વત્ર છે, પરંતુ માણસની વાત કરીએ તો તે ચૈતન્યની અનુભૂતિ માણસના શરીરમાં છાતીની મધ્યમાંથી બે આંગળ દૂર જમણી તરફ આધ્યાત્મિક હૃદય આવેલું છે જે શરીરમાં ડાબી બાજુ રહેલા હૃદય કરતાં જુદું છે.'' આ વાતને આપણે શ્રી રમણ મહર્ષિના પોતાના જ શબ્દોમાં નોંધીશું. ''શુદ્ધ ચૈતન્ય એક, અવિભાજ્ય છે. તેને સ્વરૂપ નથી અથવા 'અંદર-બહાર' પણ નથી. તેને 'ડાબા-જમણા' જેવું કંઈ જ નથી. હૃદયના શુદ્ધ ચૈતન્યમાં સર્વનો સમાવેશ થાય છે, તેનાથી ભિન્ન કશું જ નથી. એ જ અંતિમ સત્ય છે. આમ છતાં દેહભાવ ધરાવનાર કે પોતાની હસ્તી શરીરમાં છે તેમ માનનાર વ્યક્તિ માટે દેહમાં હૃદયનું સ્થાન છાતીના મધ્યમાં જમણી બાજુ બે આંગળ દૂર આવેલું છે. ઋષિઓના અનુભવ અનુસાર તે આધ્યાત્મિક અનુભૂતિનું કેન્દ્ર છે. આ આધ્યાત્મિક હૃદય લોહીનું અભિસરણ કરનારા એ જ નામવાળા અવયવથી તદ્દન જુદું છે. આ અધ્યાત્મિક હૃદયકેન્દ્ર શરીરનો કોઈ અવયવ નથી, તે તો તમારા સ્વરૂપનું સત્ત્વ જ છે. આ હૃદયમાંથી સ્ફુરતો અહમ્ પોતાના આધારરૂપી આત્માનું ભાન જાગૃત કરે છે. અહમ્ વૃત્તિના મૂળની વિચારસાધના વડે જેનું દર્શન થાય છે તે જ વસ્તુતઃ હૃદયચૈતન્યનો પ્રકાશ છે. જેનાથી મનરૂપી પ્રતિબિંબ પૂર્ણતઃ વિલીન થઈ જાય છે.'' સ્વરચિત 'ઉપદેશસાર'ના દસમા શ્લોકમાં મહર્ષિ આ દર્શાવે છે : ''મનનું આ રીતે હૃદયમાં સ્થિત થવું તે જ કર્મ, ભક્તિ, યોગ તથા જ્ઞાનનું અંતિમ લક્ષ્ય છે.''

ભટ્ટ સાહેબ લખે છે : ''સંત અને ઈશ્વર જુદા ના છે.'' ઈશ્વર, ગુરુ અને આત્મા જુદા નથી એમ દર્શાવીને શ્રી રમણ મહર્ષિ કહે છે : ''એ બહારથી તમારા મનને અંદર તરફ વાળે છે અને આત્મા તરીકે અંદર રહેલો હોવાથી તમને અંદર તરફ, પોતાની તરફ આકર્ષે છે. શિષ્યનું પૂર્ણ આત્મસમર્પણ સિદ્ધ થતાં ઈશ્વર મનુષ્યરૂપ ધરીને ગુરુ તરીકે તેની સમક્ષ આવે છે.'' પૂજ્ય શ્રી હરિઃ ૐ મોટાએ 'સદ્ગુરુ' નામની તેમની વિસ્તૃત પદ્યરચનામાં સદ્ગુરુનાં વિવિધ પાસાંઓની ખૂબ વિગતથી ચર્ચા કરી છે. સદ્ગુરુનાં લક્ષણો ઉપરાંત પુસ્તકના ત્રીજા ખંડમાં સદ્ગુરુના સૂક્ષ્મ સ્વરૂપ વિશે પણ લખ્યું છે. તેઓ લખે છે : ''સદ્ગુરુ વ્યક્તિ નથી, ચૈતન્ય છે. સદ્ગુરુનું બેસણું સ્થિતપ્રજ્ઞથી ઊંચું છે.'' શ્રીમોટાએ વર્ણવેલ તમામ લક્ષણો ધરાવતા ભગવાન શ્રીકૃષ્ણને તેમના અનન્ય ભક્ત અર્જુને સખાભાવથી પૂજ્યા હતા. આગળ જોયું તે પ્રમાણે ઈશ્વર કે ગુરુને જુદા જુદા ભાવથી જેમ કે દાસભાવ, પુત્રભાવ, સખાભાવ વગેરેથી પૂજી શકાય છે. શ્રીમોટા લખે છે :

**"સમક્ષ જ પોતાની ए ને શરણે જાય જે**
**તેને બનાવવામાં છે, ધર્મ સદ્ગુરુનો હૃદે."**

ભટ્ટ સાહેબ લખે છે : ''હે ઈશ ! મારા હૃદયે પ્રકાશી દોરો તમે આ રથ શીઘ્રતાથી.'' કઠોપનિષદમાં શરીરને રથનું અને આત્માને રથીનું રૂપક આપતું વર્ણન અત્યંત મનનીય છે : ''તું આત્માને રથી જાણ, શરીરને રથ માન, બુદ્ધિને સારથી જાણ અને મનને લગામ સમજ. ઇન્દ્રિયોને અશ્વો કહેવામાં આવે છે, વિષયો તેમને જવાનો માર્ગ છે અને શરીર, ઇન્દ્રિયો અને મનથી યુક્ત આત્માને ભોક્તા કહેવામાં આવે છે.''

જેની બુદ્ધિ વિવેકવાળી હોય છે, જેનું મન એકાગ્ર હોય છે, સમાહિત હોય છે તેની ઇન્દ્રિયો સારા અશ્વોની પેઠે તેના બુદ્ધિરૂપી સારથીને વશ રહે છે. પરંતુ જેનું મન સંયમ વિનાનું, અવિવેકી અને અપવિત્ર છે તેવા જીવરૂપી રથને કદી લક્ષ્યની પ્રાપ્તિ થતી નથી. આવી પરિસ્થિતિમાં સદ્ગુરુની દોરવણી જરૂરની બને છે જેની સહાયથી શિષ્ય વિવેકી, મનોનિગ્રહવાળો સદૈવ પવિત્ર બની એવું પરમપદ પામી શકે છે જ્યાંથી તે ફરી પાછો સંસારમાં આવતો નથી.

*(ક્રમશઃ)*



# લગ્ન સંબંધ વિશે

લગ્ન જીવનમાં પુરુષો સ્ત્રીઓ ઉપર માલિકી હક્ક ભોગવવાનો સ્વભાવ રાખતા હોય છે. પોતે માનતા હોય છે એ જ પ્રમાણે પત્નીએ વર્તવું જોઈએ. પોતાનું ધાર્યું જ બધું થવું જોઈએ. પત્નીએ પોતાની જ ઈચ્છાઓને આધીન થવું જોઈએ – એવી માન્યતા પુરુષોમાં દઢ થયેલી છે. વળી, સ્ત્રીઓમાં અક્કલ, બુદ્ધિ, લાગણી કે ભાવના હોતી જ નથી, અને એ તો માત્ર પુરુષને અનુકૂળ રહેવાને જ સર્જાયેલી છે – એવી ભાવના આપણા સમાજના પુરુષવર્ગમાં પ્રચલિત છે. સ્ત્રીઓમાં કશી આવડત ન હોય, સમજણ ન હોય – એવા અભિપ્રાયો પણ પરંપરાથી સાંભળેલા છે – એથી આવી માન્યતાઓ દઢ થયેલી છે.

હું જેમ સ્ત્રીને સ્ત્રીનો ધર્મ બતાવું છું તેમ પુરુષને પુરુષનો ધર્મ દર્શાવું છું. પુરુષ પત્ની ઉપર ગુસ્સે થઈ શકે અને પત્ની જો ભૂલેચૂકે પણ ગુસ્સે થઈ તો તે પતિથી સહી ન શકાય. બધી જ બાબતોમાં પત્નીએ પૂછીને જ ચાલવું પડે – પૂછ્યા વિના એક પણ ડગલું આગળ ના ચલાય – એવી આપણા સમાજની મનોદશા છે. આવા સમાજની સ્ત્રીઓ કેવાં બાળકોને જન્મ આપે ? જ્યાં સ્ત્રીઓની માનસિક સ્થિતિ માત્ર એક ગુલામ જેવી હોય ત્યાં બીજી આશા શી રીતે રાખી શકાય ? જો હૃદયનો પ્રેમભાવ વહ્યા કરતો હોય તો ગુલામી પણ ના સાલે. એના જીવનને સમજવાનો જો જીવતોજાગતો પ્રયત્ન રહ્યા કરતો હોય – તોય ઘણું છે. એને પણ આત્માની વેલ છે, એને ફાલવા ફૂલવાની મહત્ત્વાકાંક્ષા અંતરમાં હોય છે એ આપણે સમજવાની ખાસ જરૂર છે.

– શ્રીમોટા

'દાંપત્યભાવના', ચોથી આ., ૬૬-૬૭

The postal Regn. No. G-KDA-119/2019-21 valid upto 31-12-2021, posted from Nadiad Head post office on 5th date of every Two Month. Issued by the SSPO's Kheda division, Nadiad • **RNI No. GUJGUJ/2018/76364**



# પૂજ્યશ્રી મોટાના સાક્ષાત્કાર દિને (રામનવમી)
# પ્રેમાંજલિ - મંગલાષ્ટક

(શાર્દુલવિક્રીડિત)

– સરોજબહેન કાંટાવાળા

આજે મંગલ નૉમની શુભ ઘડી ચૈતન્ય રેલાવતી,
સાષ્ટાંગે પ્રણમું ગુરુ ! તવ પદે, ભાવોર્મિ હૈયે ભરી;
સાક્ષાત્કાર થયો અનંત પ્રભુનો આનંદ-ધારા વહી !
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી...૧

તારા પ્રેમ-પ્રભાવની જગતમાં કારુણ્યધારા વહી,
તારા મંગલ સંગથી સ્વજનની ઉર્ધ્વે ગતિ થાય શી !
આજે પ્રેમભર્યા પ્રફુલ્લ હૃદયે પ્રાર્થું પદોમાં નમી,
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી...૨

તારી દિવ્ય કૃપા વહો જીવનમાં માંગલ્ય રેલાવતી,
તારી મંગલ પ્રીતની હૃદયમાં ગંગા વહો પાવની;
શુદ્ધિ હો મન-પ્રાણ ને તન તણી રૂપાંતરે પ્રેરતી.
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી...૩

તારા ચેતન-યોગથી હૃદયમાં માળા ફરો રામની,
મીઠા મંગલ રામના સ્મરણથી સંતાપ જાજો ગળી;
શાંતિપૂર્ણ પ્રસન્નતા પ્રગટજો ભાવાશ્રુની અંજલિ,
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી...૪

શ્રદ્ધા-જ્યોત અખંડ આજ પ્રગટો ઊજાસ રેલાવતી,
પંથે હો ધ્રુવ-તારલી જીવનની કેડી ખરી ચીંધતી;
તારા પ્રેમલ અંકની ભવ-રણે મીઠી મળી વીરડી,
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી...૫

ચેતાવો પ્રભુ પ્રેમ-યજ્ઞ જીવને જ્વાલા જલો ભાવની,
એમાં દ્વંદ્વ જલાવીને જીવનનાં એકત્વ સાધો હરિ !
સદ્‌ભાવે સમતા સુમેળ ધરીને પ્રેમૈક્યતા પામવી,
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી...૬

કોટી સૂર્ય સમી પ્રભા વિલસતી તારા લલાટે હરિ !
આજે ધન્ય ઘડી પ્રભુ-મિલનની મુક્તિ સદેહે મળી;
એવા મંગલ પર્વની હૃદયમાં સ્મૃતિ રહો જીવતી,
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી...૭

આજે મંગલ ભાવનું તિલક હું તારા લલાટે કરી,
અર્પુ પૂજનમાં ગુરુ ! તવ પદે આ દક્ષિણા ભાવની;
અર્પુ જીવન-અંજલિ પ્રભુપદે વૈરાગ્ય-ભાવે ભરી,
ચેતાવો ગુરુદેવ ! આજ હૃદયે ચૈતન્યની દીવડી...૮

**(BOOK-POST - Printed Matter)**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabd-380022 and published from 89, Payal Park, Near Star Bazar, Satellite, Ahmedabad-380015.
Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL